નિ. લી. ગો. શ્રીગિરિધરજી મહારાજ-(કાશી) વિરચિતં

(૧) શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ

ગો. વા. શ્રીમગનલાલ ગ. શાસ્ત્રી વિરચિતં

(૨) પુષ્ટિશિખર

❖ પ્રકાશક ❖
શ્રી વૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ (વિદ્યાર્થી આવૃત્તિ વિભાગ),
ફોન : ૦૨૨-૨૨૪૦ ૪૧૯૧/૫૬૩૧ ૭૭૭૫
રેસી : ૦૨૨-૨૩૮૮ ૦૯૪૪/૨૩૮૬ ૪૪૪૦

❖ પ્રથમ આવૃત્તિ ❖એપ્રિલ, ૨૦૦૩ ❖
પ્રકાશન સહયોગ સેવા : રૂ. ૪૦/-
Rs. 40/- (પોસ્ટેજ અલગ)
પૃષ્ઠ : ૫૬ + ૪
પ્રત : ૩૦૦

વિ. સં.	ઈ. સ.	વલ્લભાબ્દઃ
૨૦૫૯	૨૦૦૩	૫૨૫

શ્રી વૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ નીચે જણાવેલ સંસ્થાઓ અને વ્યક્તિઓનો આભાર માને છે.

૧) ''સુબોધિની સભા'', મુંબઈ.
૨) નિ. લી. પૂ. પા. ગો. શ્રીનૃસિંહલાલજી મહારાજ (મુંબઈ).
૩) આદરણીય પૂ. પા. ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ (પાર્લા-કિશનગઢ).
૪) આદરણીય પૂ. પા. ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજ (વડોદરા).
૫) ગો. વા. શ્રીમગનલાલ ગ. શાસ્ત્રી (ભરૂચ-મુંબઈ).
૬) ગો. વા. શ્રીછગનલાલ અમરજી શાસ્ત્રી (મુંબઈ).
૭) પ. ભ. શ્રીવિરેન્દ્ર પ્રિયકાન્ત કોઠી (વૈભવ પ્રિન્ટ્સ).
૮) પ. ભ. શ્રીશશિકાન્તભાઈ લીમડી (મુંબઈ, યુ. એસ. એ.).
૯) પ. ભ. શ્રીજયેન્દ્રભાઈ સોની (મુંબઈ-કાંદિવલી).

પ્રકાશિત ગ્રન્થો

૧) સિદ્ધાન્તમુક્તાવલી - નવેમ્બર, ૨૦૦૨. (અપ્રાપ્ય).
૨) બાલબોધઃ - ફેબ્રુઆરી, ૨૦૦૩. (અપ્રાપ્ય).
૩) ભક્તિહેતુનિર્ણયઃ - માર્ચ, ૨૦૦૩. (અપ્રાપ્ય).
૪) શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ, પુષ્ટિશિખર - એપ્રિલ, ૨૦૦૩.

આગામી પ્રકાશનો - પ્રકાશન સહયોગીઓ પર આધારિત.

૧) શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ (ગો. વા. શ્રીમગનલાલ ગ. શાસ્ત્રી વિરચિત.)
૨) શ્રીયમુનાષ્ટકમ્ (મે, ૨૦૦૩)
૩) ભક્તિહંસ
૪) નવરત્નમ્ અને અન્ય પ્રકાશનો.

❖ પુસ્તક પ્રકાશન સહયોગીઓ ❖

૧) પ. ભ. શ્રીજયેન્દ્રભાઈ સોની	રૂા. ૧,૫૦૦/-
૨) પ. ભ. શ્રીભરત કીશનચંદ ગજરીયા અને	
૩) પ. ભ. શ્રીવિજય કીશનચંદ ગજરીયા	રૂા. ૨,૫૦૦/-
૪) પ. ભ. શ્રીમતી મનીષા પરેશ શાહ	રૂા. ૨,૫૦૦/-
૫) ગો. વા. પ. ભ. ધર્મપત્ની તારાબેનના સ્મરણાર્થે હસ્તે પ. ભ. શ્રીનવનીતલાલ મોહનલાલ ગાંધી	રૂા. ૧,૦૦૦/-
કુલ	રૂા. ૭,૫૦૦/-

આર્શીવચન-પૂ. પા. ગો. શ્રી.ચન્દ્રગોપાલજી મહારાજ (વડોદરા)

ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

"રાધાકૃષ્ણકુંજ"
બી-૪૧/૧, શ્રીનગર સોસાયટી,
એચ રોડ, દીનેશ મીલની પાછળ,
અકોટા રોડ, વડોદરા. ૩૯૦ ૦૨૦.
ફોન : ૨૩૨૧૮૯૭

શ્રીમહેન્દ્રભાઇ મહેતા

શુભાશિષઃ સહ

શ્રીવૈષ્ણવ મિત્રમંડળ મુંબઇ દ્વારા પ્રકાશિત અને શ્રીરમેશચન્દ્ર નાથાલાલ શાહ દ્વારા સંપાદિત 'સિદ્ધાન્તમુક્તાવલી' ગ્રન્થનું નવીન પ્રકાશન આપે મોકલાવેલ-પ્રાપ્ત કરી ખૂબ જ પ્રસન્નતા થઇ. શ્રીવલ્લભ પંચશતાબ્દિના અવસરે આદરણીય ગો.શ્રીશ્યામમનોહરજીના અથાગ પરિશ્રમે વર્ષો પછીથી ષોડશ ગ્રન્થ વિગેરે પરની પ્રાચીન ટીકાઓ પુનઃ ઉપલબ્ધ થઇ શકી હતી પરન્તુ તે પણ લગભગ પ્રકાશનના ૨-૪ વર્ષમાં જ બધી જ પ્રતો વહેંચાઇ જવાથી અનુપલબ્ધ થઇ ગઇ હતી. આ પ્રકાશન પછીથી વૈષ્ણવ સમાજમાં એક સુખદ પરિવર્તન આવ્યું અને ઘણાં વૈષ્ણવો પુષ્ટિમાર્ગનો સાચો સિદ્ધાન્ત જાણવા મૂલગ્રન્થો અને તેના ઉપરના ટીકાસાહિત્યને વાંચવા-સમઝવા તરફ પ્રેરાયા જેથી આવા પ્રકાશનોની વૈષ્ણવોમાં વધુને વધુ માંગ વધતી જઇ રહી છે. આજે તો ઘણાં વલ્લભકુલ પરિવારના સદસ્યો પોતપોતાની રીતે ષોડશગ્રન્થના ટીકા સહિત અધ્યાપનના કલાસો ચલાવે છે જેથી તેમાં આવા ગ્રન્થોની માંગ વધવાની જ છે. તેથી આપની સંસ્થા દ્વારા જે આ પ્રકાશન કરવામાં આવ્યું છે અને આગળ પણ બીજા ગ્રન્થોના પ્રકાશનની યોજના ધરાવો છો તે આજના સમયમાં ખૂબ જ આવશ્યક-ઉપયોગી અને સ્તુત્ય છે.

આ પ્રકાશનમાં મૂલ પ્રાચીન ટીકાઓના પ્રકાશનની સાથે સાથે નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજશ્રીની વ્રજભાષા ટીકાનું અને આદરણીય ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી લિખિત ગ્રન્થપરિચયના અન્તર્ગત આ ગ્રન્થનો પરિચય છાપ્યો છે તેથી જિજ્ઞાસુજનોને ગ્રન્થ સમઝવામાં ઘણી જ સુગમતા થઇ રહેશે.

આ પ્રસંગે એ સૂચન કરું તો તે પણ પ્રાસંગિક જ કહેવાશે કે સંસ્કૃત ટીકાઓ ગુજરાતી-હિન્દીમાં ભાષાન્તરણ સાથે જો પ્રકાશિત થાય તો તેથી અધ્યયન કરનારાઓ માટે ખૂબ જ ઉપકારક સિદ્ધ થશે.

સુંદર કાગળ-પ્રિન્ટિંગ-બાઇન્ડિંગ તથા આકર્ષક મુખ પૃષ્ઠસહના આ પ્રકાશન બદલ પ્રકાશક-સંપાદક-વ્યવસ્થાપક સહુને મારા હાર્દિક અનેક અભિનન્દનો.

ગુ.વિ.સં.૨૦૫૯
માઘ કૃ.૧૩, શુક્રવાર
તા.૨૮-૨-૨૦૦૩
વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ

(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી)

........મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણને અભિપ્રેત (ક) તત્વદર્શન (ખ) કર્તવ્યનિર્ધારણ અને (ગ) ભગવલ્લીલાચિન્તનના........ સુવ્યવસ્થિત અધ્યયનનો શુભારંભ જો કરવો હોય તો, પોતે........ ક્રમશઃ નિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણ, સોળ પ્રકરણગ્રન્થો અને નિબન્ધાન્તર્ગત ભાગવતાર્થપ્રકરણ ના નામો વિચારી શકાય........

........જેમને, પરન્તુ, મૂલગ્રન્થોથી શરુઆત કરવી અઘરી લાગતી હોય, તેવા જિજ્ઞાસુઓ માટે આ ત્રણેય દિશાઓમાં........ત્રણ પ્રક્રિયાગ્રન્થો કાલક્રમે પ્રકટ થયા હતા : (૧) શ્રીલાલુભટ્ટજીકૃત **પ્રમેયરત્નાર્ણવ**, (૨) શ્રીગિરિધરજીકૃત **શુદ્ધાદ્વૈતમાર્ત્તણ્ડ** અને (૩) શ્રીગટ્ટુલાલાજીકૃત **વેદાન્તચિન્તામણિ.**

........આ પ્રક્રિયા ગ્રન્થો પૈકી કોઈક એક ગ્રન્થનું વ્યવસ્થિત અધ્યયન કરવું સન્નિષ્ઠ અધ્યયનાર્થીને આરંભમાં ઘણું ઉપકારક નિવડે છે........

પૂજ્યપાદ ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ.

(પાર્લા-કિશનગઢ)

(પ્રમેયરત્નસંગ્રહમાંથી સાભાર)



પ્રકરણ ૧

ગોસ્વામી શ્રીગિરિધરજી મહારાજ

(સં. ૧૮૪૭-૧૮૯૬)

શુદ્ધાદ્વૈતમાર્ત્તણ્ડના રચનાર કાશીવાળા ગોસ્વામીશ્રીગિરિધરજી મહારાજનો પ્રાદુર્ભાવ શ્રીમહાપ્રભુજીથી દશમી પેઢીએ શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના વંશમાં સંવત્ ૧૮૪૭ ના માગશર વદિ ત્રીજને દિવસે થયો હતો. તેઓશ્રીના પિતાશ્રીનું નામ શ્રીગોપાલલાલજી અને માતુશ્રીનું નામ શ્રીકૃષ્ણાવતીજી હતું. તેઓશ્રીની દશ પેઢી નીચે પ્રમાણે છેઃ-

૧.	શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી	(પ્રાકટ્ય સં. ૧૫૩૫, કેટલાકને મતે (સં. ૧૫૨૯)
૨.	શ્રીવિટ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)	(સં. ૧૫૭૨)
૩.	શ્રીયદુનાથજી	(સં. ૧૬૧૫)
૪.	શ્રીમધુસૂદનલાલજી	(સં. ૧૬૩૪)
૫.	શ્રીપ્રદ્યુમ્નલાલજી	(સં. ૧૬૬૦)
૬.	શ્રીવિટ્ઠલનાથજી	(સં. ૧૭૧૭)
૭.	શ્રીપ્રદ્યુમ્નલાલજી	(સં. ૧૭૬૨)
૮.	શ્રીવિટ્ઠલરાયજી	(સં. ૧૭૮૫)
૯.	શ્રીગોપાલલાલજી	(સં. ૧૮૧૦)
૧૦.	શ્રીગિરિધરજી	(સં. ૧૮૪૭)

તેઓશ્રીએ શ્રીદ્વારકાનાથજી મહારાજ પાસે બ્રહ્મસંબંધ લીધું હતું. તેઓશ્રી શ્રીગોપાલના પરમ ઉપાસક હતા, અને શ્રીગોપાલોપાસનાના પ્રભાવથી તેઓશ્રીએ સાંપ્રદાયિક નિધિઓ મેળવી હતી અને ઘણા ચમત્કારો બતાવ્યા હતા. નાથદ્વારામાં શ્રીદામોદરજી મહારાજ તિલકાયિત હતા. શ્રીગિરિધરજી અને શ્રીદામોદરજી એ બે સાઢૂ થતા હતા. આ સંબંધથી શ્રીગિરિધરજીને ઘણો લાભ થયો હતો. શ્રીગિરિધરજીએ પોતાની સેવાની કુશલતા, વિદ્વત્તા અને વાણીની ચતુરાઈથી શ્રીદામોદરજીને બહુ પ્રસન્ન કર્યા હતા. શ્રીદામોદરજીએ શ્રીગિરિધરજી પાસેથી ગોપાલ મંત્રની દીક્ષા લીધી હતી અને દક્ષિણામાં શ્રીનાથજીની સમીપ બિરાજતું શ્રીમુકુન્દરાયજીનું સ્વરુપ પધરાવી આપવાનું કહ્યું હતું એવી સાંપ્રદાયિક અનુશ્રુતિ છે. શ્રીદામોદરજીના પધાર્યા પછી તેઓશ્રીનાં વહુજી શ્રીલક્ષ્મી વહુજીએ પોતાના બનેવી શ્રીગિરિધરજીને શ્રીમુકુન્દરાયજીનું સ્વરુપ પધરાવી આપ્યું. લગભગ સંવત્ ૧૮૮૫માં શ્રીગિરિધરજીએ એક ભવ્ય મંદિર બંધાવી શ્રીમુકુન્દરાયજીને શ્રીનાથજીથી કાશી પધરાવ્યા અને દશેક વર્ષ ભાવપૂર્વક સેવા કરી નિત્યલીલામાં પધાર્યા.

શ્રીગિરિધરજીને સંતતિમાં શ્રીશ્યામાબેટીજી નામનાં એક બેટીજી હતાં. તેમણે જીવનપર્યન્ત શ્રીમુકુન્દરાયજીની સેવા કરી અને પોતાના દૌહિત્ર મથુરાવાળા શ્રીજીવણલાલજીને (પ્રાકટ્ય સંવત્ ૧૯૨૨) ગોદે લીધા. આજે કાશીના મંદિરમાં શ્રીજીવણલાલજીના લાલજી શ્રીમુરલીધરલાલજી (પ્રાકટ્ય સં. ૧૯૬૦) બિરાજે છે.

શ્રીગિરિધરજીએ નાથદ્વારાથી શ્રીમુકુન્દરાયજીના સ્વરૂપ ઉપરાંત શ્રીઅનંતશેષજી, શ્રીવેણુજી અને શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તાક્ષર પધરાવ્યા હતા. આ વિરલ લાભ તિલકાયિત શ્રીદામોદરજી અને એઓશ્રીનાં વહુજી શ્રીલક્ષ્મીજીની પૂર્ણ કૃપાનું ફળ હતું. શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તાક્ષરમાં અણુભાષ્યના પ્રથમાધ્યાયનો ચતુર્થ પાદ હતો. શ્રીપુરુષોત્તમજી બ્ર. સૂ. ૧.૪.૯ ના ભાષ્યપ્રકાશમાં શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તાક્ષરનો નિર્દેશ કરે છે (रूपेति पाठः श्रीहस्ताक्षरेषु संदिग्धत्वाद्बोध्यः) આ શ્રીહસ્તાક્ષર શ્રીગિરિધરજીએ પધરાવેલા શ્રીહસ્તાક્ષર જ હોય એવો સંભવ જણાય છે. આ ઉપરાંત શ્રીહસ્તાક્ષરોમાં ષોડશ ગ્રન્થમાંના શ્રીસંન્યાસ નિર્ણયનું એક પત્ર પણ હતું.

શ્રીગિરિધરજી ઘણા સારા વિદ્વાન્ હતા. શ્રીમુકુન્દરાયજી કાશીમાં પધાર્યા પછી સાગરસ્થ 'નેતા' ની અટકવાળા રામકૃષ્ણ ભટ્ટ શ્રીગિરિધરજીને શરણે આવ્યા. તેઓ તૈલંગ માથુર ભટ્ટ હતા. રામકૃષ્ણ ભટ્ટના સમાગમથી શ્રીગિરિધરજીનો વિદ્યાભ્યાસ વધવા માંડયો અને આપશ્રીએ અનેક સાંપ્રદાયિક ગ્રંથો રચ્યા: તેમાં નીચેના મુખ્ય ગ્રન્થો છે :-

(૧) શ્રીવલ્લભાચાર્યજીના બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ઉપર 'વિવરણ' નામની ટીકા. આ ટીકાના બે અધ્યાયો મુંબઈના શેઠ નારાયણદાસ તથા જેઠાનન્દ આસનમલ ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ થએલા છે (ઈ. સ. ૧૯૪૨, ૧૯૫૦). ત્રીજા અને ચોથા અધ્યાય ઉપરનું 'વિવરણ' હજુ છપાવવાનું બાકી છે. અણુભાષ્યના અભ્યાસકોને આ ટીકા ઘણી ઉપયોગી છે.

(૨) શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીના 'વિદ્વન્મણ્ડન' નામના ગ્રન્થ ઉપર 'હરિતોષિણી' નામની ટીકા, આ ટીકા બીજી ત્રણ ટીકાઓ સાથે ચતુર્થપંચમપીઠાધીશ્વર ગોસ્વામીશ્રીવલ્લભલાલજી મહારાજે છપાવેલી છે. (ઈ. સ., ૧૯૨૬, મુંબઈ), ટીકા ઘણી સારી છે.

(૩) શ્રીમદ્ભાગવત ઉપર 'બાલપ્રબોધિની' નામની ટીકા. આ ટીકા છપાઈ ગઈ છે, હવે મળતી નથી. ભાગવતનો અર્થ સમજવાને માટે પણ આ ટીકા બહુ ઉપયોગી છે. તેથી તે અતિ લોકપ્રિય થઈ પડી છે.

(૪) શુદ્ધાદ્વૈતમાર્ત્તણ્ડ તેના ઉપર રામકૃષ્ણ ભટ્ટની 'પ્રકાશ' નામની ટીકા છે. આ ટીકા સાથે આ ગ્રન્થ ચૌખમ્બા સિરિઝમાં અંક ૯૭ તરીકે છપાએલો છે. તે ઉપરાંત મુંબઈમાં શ્રીનૃસિંહલાલજી મહારાજની આજ્ઞાથી સુબોધિની સભા તરફથી છગનલાલ અમરજી શાસ્ત્રીએ સટીક ગ્રન્થ, તેનું ગુજરાતી ભાષાન્તર અને રામકૃષ્ણ ભટ્ટે રચેલો 'શુદ્ધાદ્વૈતપરિષ્કાર' પ્રસિદ્ધ કરેલાં છે. મહારાજશ્રીની આજ્ઞાથી આ ગ્રન્થના ઉપોદ્ઘાતરૂપે વે. શા. સં. ભગવચ્છાસ્ત્રનિષ્ણાત પ્રો. મગનલાલ શાસ્ત્રીજીએ 'શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ' નામનો ગ્રન્થ રચ્યો અને તે પણ મુંબઈની આવૃત્તિમાં જ

છપાવ્યો (ઈ. સ. ૧૯૦૩). શુદ્ધાદ્વૈત વેદાન્ત બરોબર સમજવાને માટે આ ગ્રન્થ ઘણો ઉપયોગી છે.

(૫) શ્રુતિરહસ્ય, આના ઉપર રામકૃષ્ણ ભટ્ટની 'પ્રકાશ' નામની ટીકા છે. ટીકા સાથે આ ગ્રન્થ શ્રી. મૂલચંદ તુલસીદાસ તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલો છે (સંવત્ ૧૯૮૨, મુંબઈ). આ ગ્રન્થમાં શ્રીગિરિધરજી સિદ્ધ કરે છે કે બધી શ્રુતિઓ-સમસ્ત વેદ-શ્રીવલ્લભાચાર્યજીનું જ વર્ણન કરે છે. તેઓશ્રી શ્રીમહાપ્રભુજીને પુરુષોત્તમ માને છે અને એ વાત શ્રુતિરહસ્ય ગ્રન્થમાં સિદ્ધ કરવામાં આવેલી છે. આ ગ્રન્થની રચના પ્રમેય માર્ગની દષ્ટિથી કરવામાં આવેલી છે. શ્રીગિરિધરજીના કેટલાક વિચારો તો મૌલિક છે. તેઓશ્રી શ્રીમહાપ્રભુજી વાચસ્પતિ છે એમ દર્શાવતાં કહે છે કે 'વાચસ્પતિ શબ્દથી હાલમાં વિદ્યમાન શ્રીમદાચાર્ય કુલમાં ઉત્પન્ન-જેમાં ભાષ્ય, નિબન્ધ, સુબોધિની વગેરે સર્વ ગ્રન્થોનો ઉપદેશ કરવાનું સામર્થ્ય છે-તેમનું ગ્રહણ કરવું (શ્રુતિરહસ્ય, પૃષ્ઠ ૮૨). રામકૃષ્ણ ભટ્ટ પોતાની ટીકાને અંતે કહે છે કે સર્વે વેદો શ્રીમહાપ્રભુજીનો જ બોધ કરે છે (પૃષ્ઠ ૧૦૪).

(૬) ઊર્ધ્વપુણ્ડ્રમાર્ત્તણ્ડ. આ ગ્રન્થ જ્યેષ્ઠારામ મુકુન્દજીએ સંવત્ ૧૯૬૧માં મુંબઈમાં પ્રસિદ્ધ કરેલો છે. તેમાં તિલક વિષે સપ્રમાણ નિરુપણ કરવામાં આવેલું છે.

આ સિવાય શ્રીગિરિધરજીએ કેટલાક અષ્ટકો રચ્યાં છે અને વ્રજભાષામાં ગદ્યટીકા લખી છે.

આ પ્રમાણે શ્રીગિરિધરજી છઠ્ઠા ઘરના ગોસ્વામી બાલકોમાં પોતાના પાણ્ડિત્યથી અગ્રસ્થાન ભોગવે છે.

પ્રકરણ ૨

ગોસ્વામીશ્રીગિરિધરજીમહારાજવિરચિત

શુદ્ધાદ્વૈતમાર્ત્તણ્ડ

છગનલાલ અમરજી શાસ્ત્રી

श्रीमदाचार्यचरणौ श्रीविठ्ठलपदाम्बुजे ।
श्रीमतां यदुनाथानां श्रीमद्गिरिधरः सुधोः ॥ १ ॥

चरणाम्बुजकिञ्जल्कपरागान्प्रणिपत्य तम् ।
शुद्धाद्वैतविचारार्कं तनुते सुधियां मुदे ॥ २ ॥

શ્રીમદાચાર્યજીનાં ચરણારવિંદ, શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીનાં ચરણકમલ અને શોભાયુક્ત શ્રીયદુનાથજીનાં ચરણકમલના તંતુના પરાગને પ્રણામ કરીને સારી બુદ્ધિવાળા શ્રીગિરિધરજી, સારી બુદ્ધિવાળાના હર્ષને માટે શુદ્ધાદ્વૈતવિચારના સૂર્યને વિસ્તારે છે.

द्विधा ज्ञानं तु यद्यत्स्यान्नामरूपात्मना मुहुः ।
ईशजीवात्मना वापि कार्यकारणतोऽथवा ॥ ३ ॥

द्वीतं तदेव द्वैतं स्यादद्वैतं तु ततोऽन्यथा ।
सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति पठ्यते ॥ ४ ॥

નામ તથા રૂપાત્મકથી, ઈશ્વર તથા જીવરૂપથી અને કાર્ય તથા કારણથી જે જે બે પ્રકારનું જ્ઞાન થાય તે દ્વીત કહેવાય છે. દ્વીત તેજ દ્વૈત અને તેથી ઊલટું તે અદ્વૈત કહેવાય છે. તે વેદમાં सर्वं खलुइदं ब्रह्म तज्जलान् (ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ જગતની બ્રહ્મમાં જ છે તેથી આ દેખાતું નામરૂપાત્મક સર્વ જગત બ્રહ્મ છે) એમ કહેલું છે.

सर्वं ब्रह्मात्मकं विश्वमिदमा बोध्यते पुरः ।

છપાવ્યો (ઈ. સ. ૧૯૦૩). શુદ્ધાદ્વૈત વેદાન્ત બરોબર સમજવાને માટે આ ગ્રન્થ ઘણો ઉપયોગી છે.

(૫) શ્રુતિરહસ્ય, આના ઉપર રામકૃષ્ણ ભટ્ટની 'પ્રકાશ' નામની ટીકા છે. ટીકા સાથે આ ગ્રન્થ શ્રી. મૂલચંદ તુલસીદાસ તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલો છે (સંવત્ ૧૯૮૨, મુંબઈ). આ ગ્રન્થમાં શ્રીગિરિધરજી સિદ્ધ કરે છે કે બધી શ્રુતિઓ-સમસ્ત વેદ-શ્રીવલ્લભાચાર્યજીનું જ વર્ણન કરે છે. તેઓશ્રી શ્રીમહાપ્રભુજીને પુરુષોત્તમ માને છે અને એ વાત શ્રુતિરહસ્ય ગ્રન્થમાં સિદ્ધ કરવામાં આવેલી છે. આ ગ્રન્થની રચના પ્રમેય માર્ગની દષ્ટિથી કરવામાં આવેલી છે. શ્રીગિરિધરજીના કેટલાક વિચારો તો મૌલિક છે. તેઓશ્રી શ્રીમહાપ્રભુજી વાચસ્પતિ છે એમ દર્શાવતાં કહે છે કે 'વાચસ્પતિ શબ્દથી હાલમાં વિદ્યમાન શ્રીમદાચાર્ય કુલમાં ઉત્પન્ન-જેમાં ભાષ્ય, નિબન્ધ, સુબોધિની વગેરે સર્વ ગ્રન્થોનો ઉપદેશ કરવાનું સામર્થ્ય છે-તેમનું ગ્રહણ કરવું (શ્રુતિરહસ્ય, પૃષ્ઠ ૮૨). રામકૃષ્ણ ભટ્ટ પોતાની ટીકાને અંતે કહે છે કે સર્વે વેદો શ્રીમહાપ્રભુજીનો જ બોધ કરે છે (પૃષ્ઠ ૧૦૪).

(૬) ઊર્ધ્વપુણ્ડ્રમાર્ત્તણ્ડ. આ ગ્રન્થ જ્યેષ્ઠારામ મુકુન્દજીએ સંવત્ ૧૯૬૧માં મુંબઈમાં પ્રસિદ્ધ કરેલો છે. તેમાં તિલક વિષે સપ્રમાણ નિરુપણ કરવામાં આવેલું છે.

આ સિવાય શ્રીગિરિધરજીએ કેટલાક અષ્ટકો રચ્યાં છે અને વ્રજભાષામાં ગદ્યટીકા લખી છે.

આ પ્રમાણે શ્રીગિરિધરજી છઠ્ઠા ઘરના ગોસ્વામી બાલકોમાં પોતાના પાણ્ડિત્યથી અગ્રસ્થાન ભોગવે છે.

પ્રકરણ ૨

ગોસ્વામીશ્રીગિરિધરજીમહારાજવિરચિત

શુદ્ધાદ્વૈતમાર્ત્તણ્ડ

છગનલાલ અમરજી શાસ્ત્રી

श्रीमदाचार्यचरणौ श्रीविठ्ठलपदाम्बुजे ।
श्रीमतां यदुनाथानां श्रीमद्गिरिधरः सुधोः ॥ १ ॥

चरणाम्बुजकिञ्जल्कपरागान्प्रणिपत्य तम् ।
शुद्धाद्वैतविचारार्कं तनुते सुधियां मुदे ॥ २ ॥

શ્રીમદાચાર્યજીનાં ચરણારવિંદ, શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીનાં ચરણકમલ અને શોભાયુક્ત શ્રીયદુનાથજીનાં ચરણકમલના તંતુના પરાગને પ્રણામ કરીને સારી બુદ્ધિવાળા શ્રીગિરિધરજી, સારી બુદ્ધિવાળાના હર્ષને માટે શુદ્ધાદ્વૈતવિચારના સૂર્યને વિસ્તારે છે.

द्विधा ज्ञानं तु यद्यत्स्यान्नामरूपात्मना मुहुः ।
ईशजीवात्मना वापि कार्यकारणतोऽथवा ॥ ३ ॥

द्वीतं तदेव द्वैतं स्यादद्वैतं तु ततोऽन्यथा ।
सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति पठ्यते ॥ ४ ॥

નામ તથા રૂપાત્મકથી, ઈશ્વર તથા જીવરૂપથી અને કાર્ય તથા કારણથી જે જે બે પ્રકારનું જ્ઞાન થાય તે દ્વીત કહેવાય છે. દ્વીત તેજ દ્વૈત અને તેથી ઊલટું તે અદ્વૈત કહેવાય છે. તે વેદમાં सर्वं खलुइदं ब्रह्म तज्जलान् (ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ જગતની બ્રહ્મમાં જ છે તેથી આ દેખાતું નામરૂપાત્મક સર્વ જગત બ્રહ્મ છે) એમ કહેલું છે.

सर्वं ब्रह्मात्मकं विश्वमिदमा बोध्यते पुरः ।

सर्वशब्देन यावद्धि दृष्टिश्रुतमदो जगत् ॥ ५ ॥

बोध्यते तेन सर्वं हि ब्रह्मरूपं सनातनम् ।
कार्यस्य ब्रह्मरूपस्य ब्रह्मैव स्यात्तु कारणम् ॥ ६ ॥

શ્રુતિમાં इदम् (આ) શબ્દ કહેવાથી આગળ દેખાતું સર્વ જગત્ બતાવે છે, અને सर्व શબ્દથી જેટલું જોયેલું તથા સાંભળેલું જગત્ બતાવે છે તેથી સર્વદા રહેલું સર્વજગત્ બ્રહ્મરૂપ છે એમ બતાવાય છે. બ્રહ્મરૂપ કાર્યનું કારણ બ્રહ્મ જ હોય.

''जन्माद्यस्ये'' त्यादिसूत्रैर्व्यासपादैर्निरूपितम् ।
''यतो वे'' त्यादिवाक्येषु वेदे स्पष्टं प्रतीयते ॥ ७ ॥

जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् વગેરે સૂત્રો વડે શ્રીવ્યાસજીએ નિરૂપણ કર્યું છે અને यतो वा इमानि भूतानि जायन्ते વગેરે વાક્યોમાં વેદમાં સ્પષ્ટ દેખાય છે.

साकारं सर्वशक्त्येकं सर्वज्ञं सर्वकर्तृ च ।
सच्चिदानन्दरूपं हि ब्रह्म तस्मादिदं जगत् ॥ ८ ॥

સાકાર, સર્વશક્તિમાન, એક, સર્વ જાણનાર, સર્વ કરનાર અને સત્ ચિત્ અને આનંદરૂપ બ્રહ્મ છે. તેનાથી આ જગત્ થાય છે.

जडजीवान्तःस्थितानां यथाक्रमश उद्गमः ।
अग्नेर्यथा विस्फुलिङ्गस्तथा जीवोद्गमः स्फुटः ॥ ९ ॥

બ્રહ્મના સત્, ચિત્ અને આનંદ એ ત્રણ ધર્મોથી ક્રમ પ્રમાણે જડ, જીવ અને અંતર્યામીનો ઉદ્દ્ગમ છે. અગ્નિમાંથી જેમ ચિનગારીઓ નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો નીકળ્યા છે તે વેદમાં સ્પષ્ટ છે.

विसर्पिगुणचैतन्योऽणुर्जीवोऽज्ञो(शो) हरेः स्मृतः ।
जडे चिदानन्दयोस्तु चित्यानन्दस्य सर्वशः ॥ १० ॥

तिरोधानं हरिच्छातो निबन्धादिषु वर्णितम् ।
आविर्भावे तु सर्वं हि ब्रह्मैवेति न संशयः ॥ ११ ॥

પ્રસરી જાય તેવું ચૈતન્ય જેનો ગુણ છે એવો જીવ અણુ છે અને તે હરિનો અંશ છે એમ ગીતાજીમાં કહેલું છે. ભગવાનની ઈચ્છાથી જડમાં ચિત્ અને આનંદ એ બે ધર્મોનો તિરોભાવ છે અને જીવમાં એક આનંદનો તિરોભાવ છે તે નિબંધ વગેરેમાં વર્ણવ્યું છે. જીવમાં આનંદના અંશનો તથા જડમાં ચિત્ના અંશનો અને આનંદના અંશનો આવિર્ભાવ થાય ત્યારે સર્વત્ર સત્, ચિત્ અને આનંદરૂપ ધર્મ પ્રકટ થાય છે. કેમ કે સર્વ બ્રહ્મ જ છે તેમાં સંશય નથી.

रमणार्थमिदं सर्वं ब्रह्मैव स्वेच्छयाऽभवत् ।
यथा सर्पः स्वेच्छया हि कुण्डलाकारतां गतः ॥ १२ ॥

न विकारि तथा ब्रह्म व्यासैः सूत्रे निरूपितम् ।
सुवर्णस्याविकारित्वं कामधेनोर्मणेरपि ॥ १३ ॥

બ્રહ્મ ને જ પોતાની ઈચ્છા વડે રમણ માટે આ સર્વ જગત્ થયેલું છે. જેમ સાપ પોતાની ઈચ્છાવડે કુંડાળાના આકારે ગૂંચળું વળીને રહેલો છે, તે વિકારવાળો થતો નથી, તેમ બ્રહ્મ પણ જગદ્રૂપ થાય છે છતાં વિકારવાળું થતું નથી એમ શ્રીવ્યાસજીએ સૂત્રમાં નિરૂપણ કર્યું છે. સુવર્ણમાંથી કડાં, કુંડળ વગેરે થાય છે છતાં સુવર્ણને જેમ અવિકારીપણું છે અને કામધેનુ તથા ચિંતામણિમાંથી સર્વ પદાર્થ થાય છે છતાં કામધેનુ તથા ચિંતામણિ વગેરેને જેમ અવિકારીપણું છે તેમ બ્રહ્મને પણ અવિકારીપણું છે.

आविर्भावतिरोभावौ पदार्थानां यतस्ततः ।
नानित्यता तु विज्ञेया शास्त्रविद्भिर्विचक्षणैः ॥ १४ ॥

જે કારણ માટે પદાર્થોનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે તે કારણથી શાસ્ત્રને જાણનારા વિચક્ષણોએ પદાર્થોને અનિત્ય માનવા નહિ.

तिरोभावे तु कार्यं हि वर्तते कारणात्मना ।
आविर्भावे तु कार्यं हि यथा मृदि घटादयः ॥ १५ ॥

તિરોભાવમાં કાર્ય કારણરૂપે રહે છે અને આવિર્ભાવમાં કાર્યરૂપે રહે છે. જેમ ઘડા

વગેરેનો તિરોભાવ હોય ત્યારે માટીમાં ઘડો વગેરે રહે છે અને આવિર્ભાવમાં ઘડો વગેરે કાર્ય દેખાય છે (તેવી રીતે સૃષ્ટિની આદિમાં તથા અંતમાં, પ્રલય હોય ત્યારે, આ જગદ્રૂપ કાર્ય બ્રહ્મરૂપ થઈને રહે છે એ કાર્યનો તિરોભાવ સમજવો, અને સૃષ્ટિ થયા પછી આ જગત્ દેખાય છે તે કાર્યનો આવિર્ભાવ સમજવો).

यदाऽनुभवयोग्यत्वं वर्तमानस्य वस्तुनः ।
आविर्भावः स विज्ञेयःस्थिरो भावस्ततोऽन्यथा ॥ १६ ॥

વર્તમાન વસ્તુની જ્યારે અનુભવની યોગ્યતા હોય તે આવિર્ભાવ જાણવો અને અનુભવની અયોગ્યતા હોય તે તિરોભાવ જાણવો.

प्रागभावादयो नाङ्गीकार्या आभ्यां यतोऽखिलम् ।
तद्विस्तरभिया नात्र लिख्यतेऽन्यत्र दृश्यताम् ॥ १७ ॥

પ્રાગભાવાદિક સ્વીકારવા નહિ કેમ કે આવિર્ભાવ તથા તિરોભાવથી જ સર્વ સિદ્ધ થાય છે. તે વિસ્તારના ભયથી અહીં લખ્યું નથી. બીજા ગ્રંથમાં જોઈ લો.

यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदा ।
स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः ॥ १८ ॥

इति भागवते पद्ये सर्वस्य ब्रह्मता श्रुता ।
श्रुतिसूत्रैः स्मृतिगणैः दृष्टिः स्वर्णार्थिनो यथा ॥ १९ ॥

सुवर्णस्य च ये खण्डाः कटका मुद्रिकादयः ।
सुवर्णत्वेन गृह्णाति तथा ब्रह्मविदो मतिः ॥ २० ॥

આ જગત્ જ્યાં, જેથી, જેનાથી, જેનું, જેને માટે, જે, જે, જે રીતે, જ્યારે થાય છે તે સાક્ષાત્ પ્રધાનપુરુષેશ્વર 'ભગવાન' જ છે. એ શ્રીભાગવતના દશમસ્કંધના શ્લોકમાં સર્વની બ્રહ્મતા સાંભળી છે, તેવી જ રીતે શ્રુતિ, સૂત્રો અને સ્મૃતિમાં સમૂહોવડે પણ, સર્વનું બ્રહ્મપણું સિદ્ધ છે; તેથી સર્વ બ્રહ્મ છે એવી દૃષ્ટિ (શુદ્ધાદ્વૈત જ્ઞાનવાળાની) રહે છે. ત્યાં દૃષ્ટાન્ત આપે છે કે કડાં અને વીંટી વગેરે જે સુવર્ણના ભાગો છે તેને (આ સુવર્ણ જ છે એવી રીતે) સુવર્ણપણાથી સુવર્ણની ઈચ્છાવાળાની

દૃષ્ટિ જેમ ગ્રહણ કરે છે તેમ બ્રહ્મને જાણનારાઓ માને છે.

यथा सोम्येत्यादिश्रुतौ स्पष्टमेव निरूपितम् ।
तथा तत्त्वमसीत्यत्राभेदोंऽशांशिविचारतः ॥ २१ ॥

જેમ છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા પ્રપાઠકના પ્રથમ ખંડમાં यथा सोम्य વગેરે શ્રુતિમાં સ્પષ્ટ નિરુપણ કર્યું છે, (કે સર્વ બ્રહ્મરૂપ છે) તેમ તે જ પ્રપાઠકના આઠમા ખંડથી તે સોળમા ખંડ સુધી નવ વાર ઉપદેશ કર્યો છે તેમાં तत्त्वमसि એમ નવ વખત કહેલું છે. ત્યાં જીવ અંશ છે અને બ્રહ્મ અંશિ છે એવા વિચારથી અભેદ છે એમ નિરૂપણ કર્યું છે.

अत्रैव शाङ्कराः प्राहुर्मायिकं नश्वरं जगत् ।
मायासम्बन्धतो ब्रह्म कारणं नान्यथैव हि ॥ २२ ॥

આ કાર્યકારણના વિચારમાં જ શ્રીશંકરાચાર્યમતના અનુયાયીઓ જગત માયિક અને નશ્વર છે તથા માયાના સંબંધથી બ્રહ્મ જગતનું કારણ છે, માયાના સંબંધ વગર બ્રહ્મ જગતનું કારણ નથી જ એમ કહે છે.

किञ्च जन्यात्वजन्या वा मायाऽऽद्ये जनको हि कः ।
अन्याभावात्तु ब्रह्मैव सविशेषत्वमागतम् ॥ २३ ॥

द्वितीये त्वद्वैतभङ्गः कादाचित्कं त्वसङ्गतम् ।
आत्मैवेदमग्र आसीदित्यादिश्रुतिबाधतः ॥ २४ ॥

अनादित्वे तु सान्तत्वमिति पक्षोऽप्यसङ्गतः ।
अनादित्वे त्वनन्तत्वं मायाया इतिनिश्चयात् ॥ २५ ॥

માયા જન્ય છે કે અજન્ય છે ? જો જન્ય છે એમ કહેતા હો તો તેને ઉત્પન્ન કરનાર કોણ ? સૃષ્ટિના આદિકાળમાં બીજો કોઈ નહિ હોવાથી બ્રહ્મ જ ઉત્પન્ન કરનાર છે એમ કહેશો તો બ્રહ્મને તમે નિર્વિશેષ (સર્વધર્મ રહિત) માનો છો તેને બદલે સવિશેષપણું (માયાને ઉત્પન્ન કરવારૂપ-ધર્મ-સહિતપણું) બ્રહ્મને આવ્યું. અને માયા અજન્ય છે એમ કહેતાં હો તો બ્રહ્મ અને માયા બન્ને અજન્મા થયાં, ત્યારે અદ્વૈત માનો

છો તેનો ભંગ થાય છે. માયાને કદાચિત્પણું છે, એટલે ક્યારેક હોય અને ક્યારેક ન હોય, એમ માનવું તો સંભવતું નથી, કેમ કે તેમ કદાચિત્પણું થવામાં કંઈક કારણ હોવું જોઈએ, તે બ્રહ્મમાં કહી શકાતું નથી. आत्मैवेदमग्र आसीत् (આ જગત્ આગળ આત્મારૂપ જ હતું) વગેરે શ્રુતિનો બાધ આવવાથી માયા અનાદિ અને અંતસહિત છે એ પક્ષ પણ સંભવતો નથી. તેમ જે અનાદિ હોય તે અનંત હોય એવો નિયમ છે માટે માયાને અનાદિ માનશો તો અનંતપણું તેને આવશે.

एतन्मते सुनिष्पन्नं साङ्कर्यं कार्यकारणे ।
तन्निवृत्त्यर्थमाचार्यैः पदं शुद्धं विशेषितम् ॥ २६ ॥

માયાવાદીના મતમાં કાર્યકારણમાં સાંકર્ય સિદ્ધ થાય છે, તેની નિવૃત્તિ માટે શ્રીઆચાર્યજીએ અદ્વૈતને શુદ્ધ પદ વિશેષણરૂપે યોજેલું છે, એટલે શુદ્ધાદ્વૈત સિદ્ધ કરેલું છે. તે શુદ્ધાદ્વૈતપદમાં કર્મધારય સમાસ જાણવો; અને બંને શુદ્ધનું અદ્વૈત એવો અર્થ કરવામાં ષષ્ઠી તત્પુરુષ સમાસ જાણવો.

शुद्धाद्वैतपदे ज्ञेयः समासः कर्मधारयः ।
अद्वैतं शुद्धयोः प्राहुः षष्टीतत्परुषं बुधाः ॥ २७ ॥

શુદ્ધાદ્વૈતપદમાં शुद्धं च तदद्वैतम् એ પ્રમાણે કર્મધારય સમાસ જાણવો, અને शुद्धयोः अद्वैतम् (બન્ને શુદ્ધનું અદ્વૈત) એવી રીતે ષષ્ઠી તત્પુરુષ સમાસ છે એમ પંડિતો કહે છે. જે જે માયાના સબંધથી રહિત છે તેને પંડિતો શુદ્ધ કહે છે. એટલે કાર્ય તથા કારણરૂપ શુદ્ધ બ્રહ્મ છે, માયિક નથી. એવી રીતે બ્રહ્મને જાણનારાઓના હૃદયનો અભિપ્રાય છે. શુદ્ધાદ્વૈત એ શ્રુતિનો મત છે. તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ અધિકારી છે.

मायासम्बन्धरहितं शुद्धमित्युच्यते बुधैः ।
कार्यकारणरूपं हि शुद्धं ब्रह्म न मायिकम् ॥ २८ ॥
इति ब्रह्मविदां हार्दं शुद्धाद्वैतं श्रुतेर्मतम् ।
तत्रोत्तमा मध्यमाश्च कनिष्ठा ह्यधिकारिणः ॥ २९ ॥

જે માયાના સંબંધથી રહિત છે તેને પંડિતો શુદ્ધ કહે છે. એટલે કાર્ય તથા કારણરૂપ શુદ્ધ બ્રહ્મ છે, માયિક નથી. એવી રીતે બ્રહ્મને જાણનારાઓના હૃદયનો અભિપ્રાય છે. શુદ્ધાદ્વૈત એ શ્રુતિનો મત છે, તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ અધિકારીઓ છે.

तेषां प्रतीतिः प्रथमे स्कन्धे तु श्रीहुताशनैः ।
इदं हि विश्वमित्यत्र सुबोधिन्यां निरूपिता ॥ ३० ॥

તે ત્રણે પ્રકારના અધિકારીઓની પ્રતીતિ શ્રીવલ્લભાચાર્યજીએ પ્રથમ સ્કંધમાં इदं हि विश्वम् એ શ્લોક ઉપર શ્રીસુબોધિનીજીમાં નિરૂપણ કરી છે.

सर्वं ब्रह्मैव तत्राद्ये द्वितीये भगवान् यथा ।
तथा विश्वमिदं सर्वं ब्रह्मकार्यं निजेच्छया ॥ ३१ ॥
कार्यरूपेण भेदो हि न भेदः कारणात्मना ।
भेदसत्त्वेऽप्यभेदोऽत्र तादात्म्यं परिकीर्तितम् ॥ ३२ ॥
तृतीये भगवान् भिन्नो जगतः कर्तृतः स्फुटः ।
इति द्वैतप्रतीतिस्तु श्रुतिबाधान्न गृह्यते ॥ ३३ ॥

તે ત્રણે અધિકારીઓમાં ઉત્તમ અધિકારીમાં સર્વ બ્રહ્મ જ છે એવી પ્રતીતિ થાય છે, મધ્યમ અધિકારીમાં જેમ ભગવાન છે તેમ આ સર્વ જગત્ પોતાની ઈચ્છા વડે બ્રહ્મનું કાર્ય છે એવી પ્રતીતિ થાય છે, અને હીન અધિકારીમાં જગતનું કર્તાપણું ભગવાનને હોવાથી ભગવાન ભિન્ન છે એ હકીકત સ્ફુટ છે એવી પ્રતીતિ થાય છે. તે દ્વૈત પ્રતીતિ તો શ્રુતિનો બાધ આવવાથી ગ્રહણ કરાતી નથી.

शुद्धाद्वैतविदां या हि प्रतीतिः सोत्तमा मता ।
भेदाभेदप्रतीतिस्तु मध्यमानां प्रकीर्तिता ॥ ३४ ॥

શુદ્ધાદ્વૈતને જાણનારાઓની જે પ્રતીતિ છે તે ઉત્તમ માનેલી છે, અને ભેદાભેદની પ્રતીતિ તો મધ્યમ અધિકારીઓને કહેલી છે.

अतो हि मध्यमः पक्षः शुद्धाद्वैतानुरोधतः ।

बोधाय बहुसंदर्भे गोस्वामिपुरुषोत्तमैः ॥ ३५ ॥

श्रीमदाचार्यचरणैर्यत्र कुत्रापि दर्शितः ।
निम्बार्कभास्कराचार्यौ भेदाभेदनिरूपकौ ॥ ३६ ॥

तत्राद्यानां वास्तवः स भास्कराणामुपाधितः ।
तत्राद्ये वास्तवो भेदो माध्वाचार्यवदेव हि ॥ ३७ ॥

विभिन्नांशाः सदा जीवा न स्वांशा इति निश्चयः ।
अभेदश्चित्त्वसाधर्म्यादिवं तेषां मतस्थितिः ॥ ३८ ॥

ભેદાભેદની પ્રતીતિ મધ્યમ અધિકારીઓની છે માટે મધ્યમ પક્ષ શુદ્ધાદ્વૈતને અનુસારે બોધને માટે ઘણા ગ્રંથોમાં ગોસ્વામીશ્રીપુરુષોત્તમજી મહારાજે અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કોઈ કોઈ સ્થળમાં દેખાડેલો છે. નિમ્બાર્ક અને ભાસ્કરાચાર્ય ભેદાભેદનું નિરૂપણ કરનારા છે. તેમાં નિમ્બાર્કનો વાસ્તવ ભેદ છે અને ભાસ્કરાચાર્યનો ઉપાધિથી ભેદ છે. તેમાં નિમ્બાર્કાચાર્યમાં માધ્વાચાર્યની પેઠે જ વાસ્તવ ભેદ છે. માધ્વાચાર્યના મતમાં જીવો સદા વિભિન્નાંશ છે, સ્વાંશ નથી એવો નિશ્ચય છે. નિમ્બાર્કને ચૈતન્યના સાધર્મ્યથી અભેદ છે એવી રીતે તેના મતની મર્યાદા છે.

कनिष्ठा सा प्रतीतिस्तु नास्मन्मतमुपेक्षते ।
अभेदो वास्तवस्स्वांशा जीवा इति निजे मते ॥ ३९ ॥

भेदः कार्यतया जातः क्रीडार्थं तु हरीच्छया ।
पश्चाल्लये कारणे हि स्थितिर्दृष्टा यथा मृदि ॥ ४० ॥

पूर्वावस्था तु मृद्रूपा घटावस्था ततो भवेत् ।
घटोऽपि मृत्तिकारूपो लये पश्चाच्च मृत्तिका ॥ ४१ ॥

નિમ્બાર્ક મતવાળાને ભેદાભેદની પ્રતીતિ છે. તે કનિષ્ઠ પ્રતીતિ છે. તે પ્રતીતિ આપણા મતની અપેક્ષા રાખતી નથી, કેમકે આપણા મતમાં અભેદ વાસ્તવ છે અને જીવો પોતાના અંશરૂપ છે, કેવળ કાર્યપણાથી ક્રીડાને માટે હરિની ઈચ્છા વડે ભેદ

થયેલા છે. લયમાં ઘડાની જેમ મૃત્તિકામાં સ્થિતિ થાય છે તેમ જીવની કારણમાં સ્થિતિ જોએલી છે. એટલે પ્રથમ મૃત્તિકારૂપ અવસ્થા હોય છે, ત્યાર પછી ઘટરૂપ અવસ્થા થાય છે, ત્યારે ઘટ પણ મૃત્તિકારૂપ જ છે અને પછી લયમાં મૃત્તિકા જ રહે છે. તેવી રીતે બ્રહ્મમાંથી કાર્ય થયેલું છે ત્યારે કાર્ય પણ બ્રહ્મરૂપ છે અને પાછો લય થશે ત્યારે બ્રહ્મમાં જ લય થશે.

कार्यकारणयोरैक्यं स्वमते न परे मते ।
नैम्बार्के नेदृशो मार्ग इति बोद्धव्यमञ्जसा ॥ ४२ ॥

કાર્ય અને કારણની એકતા પોતાના (શુદ્ધાદ્વૈત) મતમાં છે, બીજામાં નથી. નિમ્બાર્કના મતમાં જગત્ અને બ્રહ્મની એકતાને બતાવનારો માર્ગ નથી એમ સ્પષ્ટ રીતે જાણવું.

सोपाधिको भास्करो हि खस्माद्भिन्नस्तु सर्वथा ।
भेदपक्षे तु जीवानां सुखदुःखादिदानतः ॥ ४३ ॥

वैषम्यनैर्घृण्यइति दूषणे द्वे परे स्थिते ।
अनादि कर्म चाश्रित्य समाधाने त्वनीशता ॥ ४४ ॥

ભાસ્કરમત ઉપાધિસહિત હોવાથી પોતાના (શુદ્ધાદ્વૈત) સિદ્ધાન્તથી સર્વથા જુદો જ છે. અને ભેદ પક્ષમાં તો જીવોને સુખદુઃખ વગેરે આપવાથી વિષમતા અને નિર્દયતા એ બે દૂષણો ભગવાનમાં આવે છે. તેમ અનાદિ કર્મને લઈને સુધદુઃખ મળે છે એમ સમાધાન કરવામાં નિરીશ્વરવાદ આવે છે.

अत्रापि शाङ्कराः शैवा माध्वा रामानुजादयः ।
निम्बार्का भास्करा भिक्षुर्येऽन्ये ते दोषसंश्रिताः ॥ ४५ ॥

અહીં પણ શંકરાચાર્યના મતના અનુયાયીઓ, શૈવો, માધ્વો, રામાનુજાદિક, નિમ્બાર્ક, ભાસ્કરાચાર્યમતવાળા, ભિક્ષુ અને જે બીજા છે તે સર્વ દોષયુક્ત છે.

आत्मसृष्टेर्न वैषम्यं नैर्घृण्यं चापि विद्यते ।

श्रीमदाचार्यचरणैर्निबन्ध इदमीरितम् ॥ ४६ ॥

श्रीमत्प्रभुवरैर्विद्वन्मण्डनेऽपि निरूपितम् ।
रमणार्थमिदं विश्वमुच्चनीचादिभावतः ॥ ४७ ॥

આત્મારૂપ સૃષ્ટિ હોવાથી ભગવાનમાં વિષમતા કે નિર્દયતાના દોષો પણ નથી. એમ શ્રીઆચાર્યજીએ શાસ્ત્રાર્થનિબંધમાં આજ્ઞા કરેલી છે. તેમ જ શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ વિદ્વમંડનમાં પણ નિરૂપણ કરેલું છે કે હરિએ રમણ માટે આ જગતને ઊંચનીચ વગેરે ભાવથી પોતારૂપ કરેલ છે. માટે વૈષમ્ય તથા નૈર્ઘૃણ્ય વગેરે દોષો નથી.

आत्मरूपं चकारातो हरिर्यस्मान्न दूषणम् ।
शक्तिशक्तिमतोर्भेदाभेदो यः स न बाधकः ॥ ४८ ॥

तत्र भेदो न चैवास्ति शक्तेर्ब्रह्मत्वनिश्चयात् ।
भिन्नत्वे तु जडत्वं स्यात् भेदो यो बोधनाय सः ॥ ४९ ॥

શક્તિ અને શક્તિમાનનો જે ભેદાભેદ કહેલો છે તે બાધક નથી, કેમકે શક્તિને બ્રહ્મપણું છે એવો નિશ્ચય હોવાથી તેમાં ભેદ નથી જ. જો શક્તિને બ્રહ્મથી ભિન્નપણું કહીયે તો શક્તિ જડ છે એમ કહેવું પડે, ત્યારે તે કાંઈ કાર્ય કરી શકે નહિ. માટે શક્તિ ભિન્ન નથી છતાં જે ભેદ બતાવે છે તે શક્તિનું સ્વરૂપ જાણવામાં આવે તે માટે છે.

धर्माधर्मिविचारेऽपि ज्ञेयमेवं विचक्षणैः ।
प्रकाशाश्रयदृष्टान्तेऽप्यभेदो बोध्यते किल ॥ ५० ॥

अरूपवत्सूत्रवाक्ये धर्माणामपि ब्रह्मता ।
निरूपिता प्रभुवरैः श्रीविद्वन्मण्डने स्फुटम् ॥ ५१ ॥

ધર્મ અને ધર્મીના વિચારમાં પણ વિચક્ષણ પુરુષોએ એવી રીતે જાણવું કે ભેદ નથી. પ્રકાશ અને પ્રકાશના આશ્રયરૂપ સૂર્યાદિકનું દૃષ્ટાન્ત આપેલું છે. ત્યાં પણ અભેદનો જ બોધ કરાય છે. તેમ જ अरूपवत् એ સૂત્રવાક્યમાં પણ બ્રહ્મના ધર્મો બ્રહ્મરૂપ છે એમ શ્રીગુસાંઈજીએ વિદ્વન્મંડનમાં સ્પષ્ટ નિરૂપણ કરેલું છે.

अथ श्रीमन्निजाचार्यैर्निबन्ध इदमीरितम् ।

"यः सर्वत्रैव सन्तिष्ठन्नन्तरः संस्पृशेन्न तत् ।
शरीरं त न वेदेत्थं योऽनुविश्य प्रकाशते" ॥ ५२ ॥

इति तेन शरीरं तु हरेस्तु चिदचित् स्मृतम् ।
जडजीवान्तःस्थितानां भेदेन सुनिरूपणैः ॥ ५३ ॥

तत्त्वत्रयं समायाति विशिष्टाद्वैतवादिनाम् ।
रामानुजानामिति चेन्न दोषोऽस्मन्मते शृणु ॥ ५४ ॥

હવે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં એવી રીતે આજ્ઞા કરેલી છે કે "જે સર્વ સ્થળમાં ભીતર રહેલા છે અને તેનો સ્પર્શ કરતા નથી, જે ભીતર પ્રવેશ કરીને એવી રીતે પ્રકાશે છે તેને શરીર જાણતું નથી." તેથી ચિત્ અને અચિત્‌ને હરિનું શરીર કહેવામાં આવેલું છે, કેમકે જડ, જીવ અને અંતર્યામી એમ ત્રણેનું ભેદથી નિરૂપણ છે માટે વિશિષ્ટાદ્વૈતવાદીઓ જે રામાનુજાચાર્યના અનુયાયીઓ છે. તેમનાં ત્રણે તત્ત્વોનું નિરૂપણ તમારા મતમાં પણ આવે છે એમ શંકા આવતી હોય તો તે યોગ્ય નથી. અમારા મતમાં દોષ નથી. સાંભળો.

जडजीवान्तरात्मान इति कार्यभिदा श्रिता ।
बहु स्यां तु प्रजायेयेत्यादिश्रुतिषु वर्णनात् ॥ ५५ ॥

न कारणे भिदा ज्ञेया तत्रैकोऽहं निरूपणात् ।
आत्मैवेदमग्न आसीदित्यादिषु च दर्शनात् ॥ ५६ ॥

तत्रैकाकी न रमते द्वितीयेच्छा निरूपिता ।
श्रुतिविद्भिरतो ज्ञेयं ब्रह्मैकं नान्यदेव हि ॥ ५७ ॥

अन्यस्य च स्थितौ तत्र द्वितीयस्य च संभवात् ।
रमणार्थं द्वितीयेच्छा श्रुत्युक्ता भग्नतामियात् ॥ ५८ ॥

एकोऽहमित्यपि मुधा तस्माच्छ्रुतिविरोधतः ।
तत्त्वत्रयं कारणे हि त्याज्यमेव विचक्षणैः ॥ ५९ ॥

यत्र येनेतिपद्ये तु निबन्धे सुनिरूपितम् ।

प्रकृतिः पुरुषश्चैव कालश्च हरिरेव हि ॥ ६० ॥
एकमेवाद्वितीयं तु ब्रह्म सर्वत्र रूप्यते ।
यः सर्वत्रैवेतिपद्ये गोस्वामिपुरुषोत्तमैः ॥ ६१ ॥

सृष्टिकाले भगवतः शरीरं चिदचित् स्मृतम् ।
अन्तर्यामिण एतेन विशिष्टाद्वैतमेव यत् ॥ ६२ ॥
तदेकदेशि विज्ञयेमित्युक्तं तैर्विचक्षणैः ।

જડ, જીવ અને અંતર્યામી એમ કાર્યમાં ભેદનો આશ્રય કરેલો છે, કેમકે ''હું ઘણારૂપે થાઉં'' એમ શ્રુતિઓમાં વર્ણન કરેલું છે. કારણમાં ભેદ છે એમ ન જાણવું, કેમકે ''હું એક છું તે ઘણા રૂપે થાઉં'' એમ અને ''આ સર્વ પ્રથમ આત્મા જ હતું'' એમ શ્રુતિઓમાં કહેલું છે; માટે કારણમાં ભેદ નથી. ત્યાં તો એમ લખેલું છે કે ''બ્રહ્મ એકલા રમે નહિ તેથી તેમણે બીજાની ઈચ્છા કરી''. એમ શ્રુતિમાં કહેલું છે, તેથી શ્રુતિઓને જાણનારાઓએ બ્રહ્મ એક જ છે બીજું કાંઈ નથી એમ જાણવું. જો કારણમાં ત્રણ તત્ત્વ માનીએ તો બ્રહ્મ સિવાય બીજું પણ હતું એમ થાય, ત્યારે ''તે એકલા રમતા ન હતા તે સારું બીજાની ઈચ્છા કરી'' એમ શ્રુતિમાં રમણ માટે બીજાની ઈચ્છા કર્યાનું લખ્યું છે તેને બાધ આવે. તેમ સૃષ્ટિના પૂર્વકાળમાં ''હું એકલો છું'' એમ આત્માને વિચાર આવ્યાનું શ્રુતિમાં લખેલું છે તેનો વિરોધ આવે. માટે ડાહ્યા માણસોએ કારણમાં ત્રણ તત્ત્વોનો ત્યાગ જ કરવો જોઈએ. તેમ શ્રી ભાગવતના દશમસ્કંધના ઉત્તરાર્ધમાં શ્રીવસુદેવજીની સ્તુતિમાં ''यत्र येन यतो यस्य'' એ શ્લોકમાં સર્વ વિભક્તિઓના અર્થરૂપ ભગવાન છે એમ સિદ્ધ કર્યું છે. તે શ્લોક નિબન્ધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં છે. ત્યાં શ્રીવલ્લભાચાર્યજીએ તેનું વ્યાખ્યાન કર્યું છે. તેમાં પ્રકૃતિ, પુરુષ અને કાલ હરિ જ છે એમ સારી રીતે નિરુપણ કર્યું છે. તેમ શ્રુતિમાં સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ વગરનું એક જ બ્રહ્મ છે એમ સર્વ સ્થળે નિરુપણ કરાય છે અને यः सर्वत्रैव सन्तिष्ठन्'' એ નિબંધની કારિકા છે. તેના વ્યાખ્યાનમાં આવરણ ભંગમાં શ્રીપુરુષોત્તમજી મહારાજે નિરુપણ કર્યું છે કે સૃષ્ટિકાળમાં અંતર્યામી ભગવાનનું ચિત્ અને અચિત્ શરીર છે. એટલે ઉપર જે શ્રુતિ પૃથ્વી વગેરેમાં રહી તેને નિયમમાં રાખવાની છે તે બૃહદારણ્યક ઉપનિષદના અંતર્યામી બ્રાહ્મણની હોવાથી સૃષ્ટિકાળનું તે નિરુપણ કરે છે. કાંઈ સર્વદા તેવી રીતે રહે છે એમ તેનો અભિપ્રાય નથી, કેમકે પ્રલય થયા પછી તો એક બ્રહ્મ જ રહે છે એમ અનેક શ્રુતિઓમાં નિરુપણ છે અને જ્યારે સૃષ્ટિ થાય છે ત્યારે તેની અંદર અંતર્યામીપણાથી ભગવાન રહે છે તે હકીકત અંતર્યામી બ્રાહ્મણમાં બતાવી છે. તેને ગ્રહણ કરીને વિશિષ્ટાદ્વૈતવાદીઓ તત્ત્વત્રય-ત્રણ તત્ત્વો-માને છે, તેથી તે એકદેશી છે એમ જાણવું. એવી રીતે અત્યંત બુદ્ધિમાન એવા શ્રીપુરુષોત્તમજી મહારાજે કહેલું છે.

शैवोऽप्येतेन विध्वस्तो यतस्तच्चौर एव हि ॥ ६३ ॥

રામાનુજાચાર્યના મતનું ખંડન કરવાથી શૈવ મત પણ ખંડિત થયો કેમકે તે રામાનુજાચાર્યના મતને ચોરનાર છે.

मायोपाधिककर्तृत्वं भैक्षवे दृश्यते तु यत् ।
तन्मायिवादध्वंसेन ध्वस्तप्रायं विशेषतः ॥ ६४ ॥

ભિક્ષુના મતમાં માયાની ઉપાધિયુક્ત બ્રહ્મને કર્તાપણું છે એમ જે દેખાય છે તે તો માયાવાદીના ખંડનવડે વિશેષથી ઘણું કરીને ખંડિત થઈ ગયું છે.

शाक्तानां तु मते ब्रह्म विश्वोपादानमेव हि ।
निमित्तकारण शक्तिर्विकारित्वभयादतः ॥ ६५ ॥

શાક્તોના મતમાં તો જગતનું ઉપાદાનકારણ બ્રહ્મ જ છે અને નિમિત્ત કારણ શક્તિ છે. શક્તિને ઉપાદાનકારણ માનવામાં વિકારીપણું થાય છે તેના ભયથી તે નિમિત્તકારણ છે એમ માને છે.

तत्रात्मनो विकारित्वं श्रुतिशास्त्रविरोधि हि ।
''प्रकृतिर्ह्यस्योपादानमाधारः पुरुषः परः ॥ ६६ ॥
सतोऽभिव्यञ्जकः कालो ब्रह्म तत्त्रितयं त्वहम्''
इति भागवते पद्ये उपादानत्वमीरितम् ॥ ६७ ॥
तद्विरुद्ध्येत सम तु ब्रह्मतो न पृथक् च सा ।

मनस्त्वमिति पद्ये तु शाङ्कराणां च शाम्भवी ॥
परिणामं तु सम्प्राप्तेत्युक्तेर्बाधः प्रसज्यते ॥ ६८ ॥

એવી રીતે જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ છે તેનો વિકાર થઈને આ જગત થાય છે એમ કહેવામાં આત્માને વિકારીપણું આવે છે તે શ્રુતિ અને શાસ્ત્રથી વિરુદ્ધ છે; કેમકે સર્વ સ્થળે આત્મા નિર્વિકાર છે એમ કહેલું છે તે આત્માને વિકારી માનીએ તો બાધ આવે "આ જગતનું ઉપાદાન કારણ પ્રકૃતિ છે, આધાર પરક પુરુષ છે, સત્ એવા જગતને પ્રકટ કરી દેખાડનાર કાળ છે તે બ્રહ્મ છે અને તે ત્રણે હું છું" એ શ્રી ભાગવતના શ્લોકમાં પ્રકૃતિ ઉપાદાન કારણ છે એમ કહેલ છે તેનો વિરોધ આવે છે, અને મારા મતમાં તો પ્રકૃતિ બ્રહ્મથી જુદી નથી. તેમ શંકરાચાર્યના મતવાળાઓને તો શંકરાચાર્યે કરેલી સૌન્દર્ય લહરીના મનસ્ત્વમ્ એ શ્લોકમાં શક્તિ પરિણામ પામે છે એમ કહ્યું છે તેનો બાધ આવે.

पवनमयि ! पावकमयि ! क्षोणीमयि ! कृपीटमयि रविमयि ! ।
शशिमयि ! दिङ्मयि ! समयमयि ! प्राणमयि ! शिवे पाहि ॥ ६९ ॥

इति दुर्वाससा प्रोक्तं सर्वात्मत्वं विरुद्ध्यते ।
सर्वोपनिषदो या हि ब्रह्मतत्त्वनिरूपिकाः ॥ ७० ॥

नास्ति शक्तेर्वर्णनं हि कारणत्वं तु दूरतः ।
व्यासैस्तु प्रकृतेः सर्वकारणत्वं तिरस्कृतम् ॥ ७१ ॥

હે પવનમયિ ! હે અગ્નિમયિ ! હે પૃથ્વીમયિ ! હે જલમયિ ! હે સૂર્યમયિ ! હે ચંદ્રમયિ ! હે દિશામયિ ! હે કાલમયિ ! હે પ્રાણમયિ ! હે શિવે ! રક્ષા કરો. એવી રીતે દુર્વાસાએ કરેલું સર્વાત્મપણું (ઉપાદાન કારણ શક્તિ નથી એમ કહેવામાં) વિરુદ્ધ થાય છે. બ્રહ્મ તત્ત્વને નિરુપણ કરનારાં સર્વ ઉપનિષદો છે. તેમાં શક્તિનું વર્ણન જ નથી, ત્યાં કારણપણું તો દૂર જ રહ્યું. વ્યાસજીએ તો પ્રકૃતિનાં સર્વકારણપણાનું ખંડન જ કર્યું છે.

ब्रह्मणः समवायित्त्वनिमित्तत्वे निरूपिते ।

ऋग्वेदे तु यतो देवीसूक्तमस्ति तु तत्र हि ॥ ७२ ॥

"अहमेव स्वयं वदामि जुष्टं देवेभिरुत मानुषेभिः ।
यं कामये तं तमुग्रं कृणोमि तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ।
अहं सुवे पितरमस्य मूर्धन् मम योनिरप्स्वन्तः समुद्रे" ॥ ७३ ॥

વ્યાસજીએ જગતનું સમવાયિકારણ તથા નિમિત્તકારણ બ્રહ્મ છે એમ નિરુપણ કર્યું છે, અને ઋગ્વેદમાં દેવી સૂક્ત છે તેમાં તો દેવીએ કહેલું છે કે "હું જ પોતે કહું છું કે દેવતાઓ તથા માણસો સેવે એવો જેને કરવા હું ઈચ્છું છું તેને ઉગ્ર (શિવ) કરું છું, તેને બ્રહ્મા કરું છું, તેને ઋષિ કરું છું અને તેને સરસ્વતી કરું છું. સર્વના મસ્તક ઉપર આ શિવના પિતા (બ્રહ્માજી) ને હું પેદા કરું છું અને મારી યોનિ (ઉત્પત્તિસ્થાન) જલની અંદર સમુદ્રમાં છે.

एवं श्रुतौ तु देव्या हि स्वकारणतयोदितः ।
पयोधिशायी यो विष्णुः स उक्तोऽतो न सा परा ॥ ७४ ॥

उग्रः कपर्दी श्रीकण्ठ इति कोशाच्छिवः स्मृतः ।
अस्येति रुद्रो निर्दिष्टोऽहं रुद्रायेति वाक्यतः ॥ ७५ ॥

प्रक्रान्तत्वात्पिता ब्रह्मा तद्योनिः शक्तिरत्र हि ।
तस्यास्तु जनको विष्णुः सिन्धुशायी निरूपितः ॥ ७६ ॥

એવી રીતે શ્રુતિમાં તો સમુદ્રમાં શયન કરનાર જે વિષ્ણુ છે તે દેવીએ પોતાના કારણપણાથી કહેલા છે; માટે સર્વથી પર વિષ્ણુ છે, દેવી નથી. ઉગ્ર, કપર્દી અને શ્રીકંઠ એ સર્વ શિવજીનાં નામ છે એમ અમરકોષમાં કહેલું છે, તેથી ઋગ્વેદના મંત્રમાં દેવીએ ઉગ્ર કરું છું એમ કહેલા છે તે શિવજી સમજવા અને ત્યાં જ શ્રુતિમાં રુદ્રને ધનુષ આપવાનું કહેલું છે. તેથી "આના પિતાને હું પેદા કરું છું" એમ કહેલું છે, ત્યાં રુદ્રના પિતા કહેલા છે. ત્યાં આરંભથી પ્રાપ્ત હોવાથી પિતા બ્રહ્માજી સમજવા, તેનું ઉત્પત્તિસ્થાન અહીં શક્તિ (દેવી) છે અને તેને ઉત્પન્ન કરનાર તો સમુદ્રમાં પોઢનાર વિષ્ણુ નિરુપિત છે.

अस्माकं व्यासचरणैर्यदुक्तं न ततोऽन्यथा ।
अथातो ब्रह्मजिज्ञासेत्युक्त्वा तल्लक्षणेन हि ॥ ७७ ॥

जन्माद्यस्येत्यादिसूत्रैः कारणं ब्रह्म कीर्तितम् ।
तन्त्रशास्त्रेण चेद्दूष्येत्तदवैदिकसम्मतम् ॥ ७८ ॥

અમારા મતમાં તો વેદવ્યાસજીએ જે કહેલું છે તે જ ગ્રહણ કરવાનું છે, તેનાથી વિરુદ્ધ ગ્રહણ કરવાનું નથી. વ્યાસજીએ કોનું કારણપણું કહેલું છે ? એમ જાણવાની ઈચ્છા થાય તો કહે છે કે अथातो ब्रह्मजिज्ञासा (બ્રહ્મ સંબંધી વિચારનો આરંભ કરાય છે) એમ કહીને તેના લક્ષણ વડે (जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्) (જેનાથી આ જગતનું જન્માદિક થાય છે કેમ કે શાસ્ત્રમાં કારણપણું કહેલું છે) વગેરે સૂત્રો વડે જગતનું કારણ બ્રહ્મ કહેલું છે. તેમાં તંત્રશાસ્ત્ર વડે કદાચિત્ કોઈ દૂષણ આપે તો તે શાસ્ત્ર વૈદિકાએ માનેલું નથી, અવૈદિકો માને છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ ७९ ॥

एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथंचन ।
इति श्रीमन्निजाचार्यैरुक्तं तन्त्राणि न प्रमा ॥ ८० ॥

પૂર્વકાંડ તથા ઉત્તરકાંડરુપ વેદ, શ્રીમદ્ભગવદ્ગીતા, વ્યાસસૂત્ર, અને વ્યાસજીની સમાધિ ભાષા (શ્રીભાગવત) એ ચાર પ્રમાણ છે. તેનાથી વિરુદ્ધ જે છે તે સર્વ કોઈ રીતે પણ પ્રમાણ નથી. એમ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ શાસ્ત્રાર્થ નિબંધમાં આજ્ઞા કરેલી છે, માટે તન્ત્રો પ્રમાણ નથી.

श्रीमदाचार्यचरणैरत एव निरूपितम् ।
शाक्तास्तांश्चेत्ततो ब्रूयुस्ते सन्मार्गाद्बहिष्कृताः ॥ ८१ ॥

इति सर्वेषु मार्गेषु दोषाः सन्तिः ततो हरिम् ।
शुद्धाद्वैतावलम्बेन भजेत सुविनिश्चितम् ॥ ८२ ॥

તેથી શ્રીવલ્લભાચાર્યજીએ નિરુપણ કરેલું છે કે શાક્ત લોકો તન્ત્રગ્રંથને જો પ્રમાણરુપ કહે તો તે સન્માર્ગથી બહિષ્કૃત છે. તેવી રીતે સર્વમાર્ગમાં દોષો છે, તેથી સર્વ સ્થળોમાં સારી રીતે નિશ્ચય કરાયેલા હરિને શુદ્ધાદ્વૈતના અવલંબન વડે ભજવું.

चेतस्तत्प्रवणं सेवा फलरूपा तु मानसी ।
तत्सिद्ध्यर्थे देहवित्तजनिः कार्या ततो भवेत् ॥ ८३ ॥

संसारदुःखनाशो हि ब्रह्मात्मत्वावबोधनम् ।
ब्रह्मज्ञस्य परप्राप्तिरानन्दवृततौ स्फुटा ॥ ८४ ॥

ચિત્ત ભગવાનમાં પ્રવણ થાય તે સેવા કહેવાય છે. તેમાં માનસી ફલરૂપ છે અને માનસીની સિદ્ધિને માટે તનુજા તથા વિત્તજા સેવા કરવી. તેનાથી સંસારનાં દુઃખનો નાશ અને બ્રહ્માત્મપણાનું જ્ઞાન થાય છે. બ્રહ્મને જાણનારને પરની પ્રાપ્તિ થાય છે એમ તૈત્તિરીય ઉપનિષદની આનંદવલ્લીમાં સ્પષ્ટ છે.

मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।
इति वाक्यात्तु भक्तानामविद्याविनिवृत्तितः ॥ ८५ ॥
अलौकिकाकारसिद्ध्यै प्रवेशो हरिणोदितः ।

"જેઓ મારે જ શરણે આવે છે તેઓ એ માયાને તરે છે" એ વાક્યથી ભક્તોની અવિદ્યાની વિશેષ કરીને નિવૃત્તિ થવાથી અલૌકિક આકારની સિદ્ધિને માટે પ્રવેશ થવાનું ભગવાને કહેલું છે.

"अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ॥ ८६ ॥
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ।"
इति वाक्येन भगवद्गृहं ब्रह्म प्रकीर्तितम् ॥ ८७ ॥

"અવ્યક્ત અક્ષર એવી રીતે કહેલું છે. તેને પરમગતિ કહે છે. જેને પ્રાપ્ત થઈને નિવૃત્તિ થતી નથી તે અક્ષર બ્રહ્મ મારું ઉત્તમ ધામ.(ઘર) છે" એ વાક્ય વડે અક્ષર બ્રહ્મ ભગવાનનું ઘર છે એમ કહેલું છે.

पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ।
इत्यग्रिमेण वाक्येन गेहाधीशो निरूपितः ॥ ८८ ॥

હે પાર્થ ! તે પરમપુરુષ અનન્યભક્તિથી જ મેળવી શકાય છે. એ આગળનાં વાક્ય વડે (શ્રીગીતાજીમાં) ગૃહ (ઘર) ના અધિપતિનું નિરુપણ કરેલું છે.

भक्त्या लाभो हि निर्दिष्टो भक्तिश्चाचार्यसंश्रयात् ।
श्रीमदाचार्यचरणभजनादेव नान्यथा ॥ ८९ ॥

શ્રીપુરુષોત્તમનો લાભ ભક્તિ વડે થાય છે એમ કહેલું છે; અને ભક્તિ શ્રીઆચાર્યજીનો સારી રીતે આશ્રય કરવાથી થાય છે. એટલે શ્રીઆચાર્યચરણના ભજનથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે, તે સિવાય થતી નથી એ તાત્પર્ય છે.

ब्रह्मभावं तु सम्पाद्य परमानुग्रहाद्विभुः ।
गृहस्थितं स्वीयजीवं समुद्धरति यत्नतः ॥ ९० ॥

બ્રહ્મભાવનું સંપાદન કરીને જેમના ઉપર પરમ અનુગ્રહ છે તેવા જીવને અનુગ્રહથી, સમર્થ એવા ભગવાન પોતાના ગૃહરૂપ અક્ષરબ્રહ્મમાં રહેલા પોતાના જીવનો ઉદ્ધાર કરે છે.

उद्धृतौ परमक्लेशो विरहानलसम्भवः ।
यदा देहादिनाशाय समर्थो जायते तदा ॥ ९१ ॥
निजं श्रीमत्कृष्णचन्द्रः स्वाधिकारानुसारतः ।
परमानन्दलीलां तामनुभावयिता प्रभुः ॥ ९२ ॥

જીવનો ઉદ્ધાર કર્યા પછી તેને વિપ્રયોગ બહુ થાય છે. તે વિપ્રયોગરૂપ અગ્નિથી જેની ઉત્પત્તિ છે એવો પરમ ક્લેશ જ્યારે દેહાદિકનો નાશ કરવામાં સમર્થ થાય છે ત્યારે શ્રીમત્કૃષ્ણચંદ્ર પ્રભુ તે જીવના અધિકાર પ્રમાણે પ્રસિદ્ધ એવી પરમાનંદ લીલાનો અનુભવ કરાવે છે.

इति श्रीवल्लभाचार्यचरणाब्जकृपाभरात् ।
प्राप्यते नान्यथा चैतद्ब्रह्मादीनां सुदुर्लभम् ॥ ९३ ॥

એ બ્રહ્માદિકને પણ અત્યંત દુર્લભ એવું પરમાનંદનું આસ્વાદન તે એક

શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદની કૃપાના બળથી જ પમાય છે. તેને પામવાનો બીજો ઉપાય નથી.

ये तु ज्ञानैकसन्निष्ठास्तेषां तु लय एव हि ।
भक्तानामेव भवति लीलास्वादोऽतिदुर्लभः ॥ ९४ ॥

જેઓ કેવલ જ્ઞાનમાં જ નિષ્ઠાવાળા છે તેઓને તો લય જ થાય છે, અને અતિ દુર્લભ એવો લીલાસ્વાદ તો ભક્તોને જ થાય છે.

इतिश्रीश्रीमदाचार्यचरणाब्जप्रसादतः ।
प्रोक्तं गिरिधरेणेदं पश्यन्तु हरिभावुकाः ॥ ९५ ॥

એ પ્રમાણે શ્રીઆચાર્યજીના ચરણારવિંદની કૃપાથી ગિરિધરજીએ રચેલા આ શુદ્ધાદ્વૈત માર્તંડને ભગવાનમાં ભાવવાળા ભક્તો વિચારે.

सूर्योदये शीतमपैति सर्वं मार्गावलोको जलजप्रकाशः ।
तमोनिवृत्तिर्द्विजकर्मवृत्तिस्तथैव मार्तण्डनिबन्धबोधे ॥ ९६ ॥

સૂર્યનો ઉદય થાય ત્યારે સર્વ શીત નિવૃત્ત થાય છે, માર્ગ પ્રકટ દેખાય છે, કમલનો પ્રકાશ થાય છે, અંધકારની નિવૃત્તિ થાય છે, અને બ્રાહ્મણોના કર્મની પ્રવૃત્તિ થાય છે. તેવી રીતે શુદ્ધાદ્વૈતમાર્ત્તંડના બોધ વડે પણ થાય છે.

इतिश्रीमुकुन्दरायसहजमाधुरीपरमानिर्वचनीयसरसवदनतामरससुधाहृदावगाहिश्रीमदाचार्यकृपापारसार श्रीमत्प्रभुचरणात्मजश्रीयदुनाथकुलोद्भवगोस्वामिश्रीगोपालात्मजनुषा श्रीगिरिधरेण विरचितः शुद्धाद्वैतमार्त्तण्डः समाप्तिमफाणीत् ।



પ્રકરણ ૩

પુષ્ટિશિખર

ગો. વા. મગનલાલ ગ. શાસ્ત્રી વિરચિત

અત્યંત ખેદની વાત એ છે કે પૂર્વના અને પશ્ચિમના હાલના વિદ્વાનોના ભારતધર્મ સંબંધી લેખ જોતાં એમ ખાતરી થાય છે કે એમાંના એકને પણ શ્રીમદ્વલ્લભાચાર્યજી અને તેમણે ઉપદેશેલા ધર્મનું લેશ માત્ર પણ જ્ઞાન નથી, જ્ઞાન લેવા દરકાર પણ રાખી નથી. આવી ખેદજનક અજ્ઞાન દશામાં તે પ્રૌઢ પંડિતો આ ધર્મ સંબંધમાં મૌન કે ઉદાસીન વૃત્તિ ધારણ કરી બેસતા હોય તો ઘણું સારું, પણ તેમના સંબંધમાં અનેક વિચારશૂન્ય લેખ લખે છે. ''શ્રીમદ્વલ્લભાચાર્યના માર્ગમાં જ્ઞાનસાહિત્ય નથી'' આ એક આક્ષેપ છે. ''વલ્લભવિલાસ''[1] નામના પુસ્તકના પ્રથમ ભાગમાં શ્રીમદ્વલ્લભસંપ્રદાયના આજ સુધીના મુખ્ય મુખ્ય વિદ્વાનોનાં અને તેમણે લખેલાં પુસ્તકોનાં નામ આપવામાં આવેલાં છે. ગ્રંથનાં નામ સુદ્ધાં વાંચવાથી સંતોષ ન પામતા હોય તેવા પુરુષોએ મુંબઈમાં ભા. મા. વે. ભ. પણ્ડિત ગટ્ટૂલાલજીના પુસ્તકાલયમાં એક વાર પણ જવાનો શ્રમ લેવો. એથી પણ વધુ જાણવાની ઈચ્છા હોય તો મુંબઈના મોટા મન્દિરમાં, સુરતમાં શ્રીબાળકૃષ્ણલાલજીના મંદિરમાં, અમદાવાદમાં શ્રીનટવરલાલજીના મંદિરમાં, કાશીમાં શ્રીગોપાલ મંદિરમાં, કાંકરોલીમાં શ્રીવિદ્યાવિભાગમાં, અને શ્રીનાથદ્વારામાં વિદ્યાવિભાગમાં જઈ પ્રાચીન ગ્રંથોનાં દર્શન કરવાં. તેનાથી ખાત્રી થશે કે સાંપ્રદાયિક સાહિત્ય કેટલું બધું સમૃદ્ધ છે.

બીજો એથી ગંભીર આક્ષેપ એ છે કે ''શ્રીમદ્વલ્લભાચાર્યે પ્રાચીન વૈષ્ણવ માર્ગને વિષયાત્મક બનાવી દીધો છે.'' આ આક્ષેપનાં મૂળ બે બાબતોમાં છે. એક તો શ્રીમદ્વલ્લભાચાર્યના ગ્રંથોનું અજ્ઞાન અને બીજું ''પુષ્ટિ'' શબ્દના અર્થનું અજ્ઞાન. તેઓએ ''પુષ્ટિ'' શબ્દનો અર્થ વિષયાત્મક દેહની ઈન્દ્રિયના પોષણમાં યોજી દીધો

---

[1] આ પુસ્તક ઈ. સ. ૧૮૭૮ માં શેઠ શ્રી વ્રજભૂષણદાસે કાશીમાં રચ્યું હતું, અને ઈ. સ. ૧૮૮૫ માં ભારતમાર્તણ્ડ પંડિત ગટ્ટૂલાલજીના એક વિદ્યાર્થીએ પ્રસિદ્ધ કર્યું હતું.

લાગે છે. શ્રીમદ્આચાર્યવર્યે તો ''पोषणं तदनुग्रहः''[1] એ શ્રીમદ્ભાગવતના વાક્યનો આશય લઈ ભગવાનના અનુગ્રહના એ માર્ગને પોષણ અથવા પુષ્ટિમાર્ગ કહ્યો છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીના શબ્દોનો જ અત્રે ઉતારો કરવામાં આવ્યો છે. ''कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते । ताभ्यां विहिताभ्यां मुक्तिर्मर्यादा, तद्रहितानामपि स्वरूपबलेन स्वप्रापणं पुष्टिरिति उच्यते ।''[2], ''साधनं विना स्वस्वरूपबलेनैव कार्यकरणे हि पुष्टिः''[3], ''साधनक्रमेण मोचनेच्छा हि मर्यादामार्गीया मर्यादा, विहितसाधनं विनैव मोचनेच्छा पुष्टिमार्गमर्यादा''[4], ''पुष्टिमार्गः अनुग्रहैकसाध्यः प्रमाणमार्गात् विलक्षणः''[5], ''मर्यादापुष्टिभेदेन वरणं द्विधा उच्यते । तत्र सहकार्यन्तरविधिस्तु मर्यादापक्षेण उच्यते, पुष्टौ तु न अन्यापेक्षा ।''[6]. આ બધાં શ્રીમદ્ભાષ્યકારનાં વચનોથી ''પુષ્ટિ'' શબ્દનો અર્થ વિષયાત્મક

---

[1] ભાગ. ૨.૧૦.૪ પોષણ એટલે ભગવાનનો અનુગ્રહ

[2] અ. ભા. ૩.૩.૨૯ જીવના પ્રયત્નથી સિદ્ધ થઈ શકે એવાં જ્ઞાન અને ભક્તિરૂપ બે સાધનો શાસ્ત્રમાં જણાવવામાં આવ્યાં છે. આ શાસ્ત્રવિહિત બે સાધનો વડે જે મુક્તિ મળે છે તે મર્યાદા કહેવાય છે. જ્ઞાન અને ભક્તિ જેમનામાં નથી એવા મનુષ્યોને પણ પોતાના સ્વરુપબળ વડે ભગવાન પોતાની પ્રાપ્તિ કરાવી આપે છે તે પુષ્ટિ કહેવાય છે.

[3] અ. ભા. ૪.૧.૧૩ સાધન વિના જ પોતાના સ્વરુપ બળથી જ જ્યારે ભગવાન કાર્ય કરે છે ત્યારે જ પુષ્ટિ કહેવાય છે.

[4] અ. ભા. ૪.૨.૭ જીવે કરેલાં સાધનને અનુસરીને તેને મોક્ષ આપવાની જે ભગવાનની ઈચ્છા તે મર્યાદા માર્ગની રીતે છે, અને શાસ્ત્રવિહિત કરેલાં સાધન વિના જ ભગવાન મોક્ષ આપવાની જે ઈચ્છા કરે છે તે પુષ્ટિમાર્ગની રીત છે.

[5] અ. ભા. ૪.૪.૯ પુષ્ટિમાર્ગ એકલા અનુગ્રહ વડે જ સિદ્ધ થઈ શકે છે અને તે પ્રમાણ-મર્યાદા-માર્ગથી ભિન્ન છે.

[6] અ. ભા. ૩.૪.૪૬ ભગવાન જીવનું જે વરણ કરે છે તે મર્યાદા અને પુષ્ટિ એ બે પ્રકારે કરે છે. તેમાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા વગેરે સહકારી સાધનોનું શ્રુતિમાં જે વિધાન છે તે મર્યાદામાર્ગની દષ્ટિએ કરવામાં આવેલું છે. પુષ્ટિમાર્ગમાં તો કોઈ પણ સાધનની જરૂર નથી.

દેહેન્દ્રિયનું પોષણ નથી એટલો તો નિર્ણય અહીં સ્પષ્ટ થઈ જાય છે. આ વાક્યોનું વિવેચન વિશેષ આગળ આવશે. પ્રાચીન વૈષ્ણવમાર્ગને વિષયાત્મક બનાવી દીધો કે ''વિષયની ગંધ વિનાનો કરી નાખ્યો'' તે હવે જુઓ. ''विषयाक्रान्तदेहानां न आवेशः सर्वथा हरेः''[1], જેમના દેહ વિષયથી આક્રાન્ત છે તેમનામાં સર્વથા હરિનો આવેશ નથી. ''संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥ गुणेषु आविष्टचित्तानां सर्वदा मुरवैरिणः । संसारविरहक्लेशौ न स्याताम् ॥''[2] સંસારના આવેશ વડે દુષ્ટ ઈન્દ્રિયના નિશ્ચય કલ્યાણને માટે સર્વ વસ્તુ ભૂમન્, ઈશ, શ્રીકૃષ્ણની છે એવી ભાવનાથી શ્રીકૃષ્ણમાં યોજવી. મુરારિના ગુણ વિશે જેમનાં ચિત્ત હંમેશાં રચ્યાં પચ્યાં છે તેમને સંસારનાં દુઃખનો ક્લેશ નથી. ''वैराग्यं सांख्ययोगौ च तपो भक्तिश्च केशवे । पंचपर्वा तु विद्या इयम्''[3] વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, અને ભક્તિ એમ પંચપર્વા-પાંચ પ્રકારની-વિદ્યા છે. અહીં વૈરાગ્યને વિજ્ઞાનનું-જ્ઞાનનું-એક પર્વ કહ્યું છે.

શ્રીમદગ્નિકુમારના પ્રપૌત્ર શ્રીમાન્ હરિરાયજીએ તો એક कामाख्यदोषविवरण નામનો ગ્રંથ લખેલો છે. ''दोषेषु प्रथमः कामः विविच्य विनिरूप्यते । यस्मिन् उत्पद्यते तस्य नाशकः सर्वथा मतः । विषयावेशहेतुत्वात् विक्षेपोत्पत्तिकारणम् । रजोगुणसमुत्पन्नः रजःप्रक्षेपको मुखे ॥'' એમ તેના પહેલા બે શ્લોકો છે અને તેનો અર્થ આ પ્રમાણે છે :- ''દોષમાં પ્રથમ કામ છે, તેનું વિવેચન કરી વિનિરુપણ કરવામાં આવે છે; જેનામાં તે દોષ ઉત્પન્ન થાય છે તે પુરુષનો સર્વથા નાશ કરે છે. વિષયના આવેશનો કામદોષ હેતુ હોવાથી તે વિક્ષેપની ઉત્પત્તિનું કારણ છે. કામદોષ રજોગુણમાંથી ઉત્પન્ન થાય છે, મુખમાં રજ (ધૂળ) નંખાવે છે.'' નિત્યપાઠના ગ્રંથમાં આ कामाख्यदोषविवरण ગ્રંથ પ્રસિદ્ધ જ છે. આ માર્ગમાં ભગવાનના ભક્ત બધા વ્રજભક્તરૂપ છે અને તેમણે વિષયભોગ કર્યો એમ પણ નથી. વસ્ત્રાપહરણલીલામાં

---

[1] સં. નિ. ૬

[2] નિ. લ. ૧૨-૧૩

[3] ત. નિ. શા. ૪૮-૪૯

કાત્યાયની વ્રત જેઓએ કરેલ છે તેઓ સર્વ કુમારિકાઓ, પાંચ વર્ષની અંદરનાં, હતાં અને તેઓએ શ્રીકૃષ્ણ પતિ થાય તેટલા માટે જ કાત્યાયનીનું અર્ચન કરવાનું વ્રત કર્યું હતું. તેઓના ઉપર પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણે પોતાની સાથે રાત્રિમાં રમણ કરવાનું વરદાન આપ્યું; તેને માટે રાસરમણનો-રાસક્રીડાનો-ક્રમ છે. એ સર્વ બાબત શ્રીમદ્ભાગવતમાં સુપ્રસિદ્ધ છે અને તે કુમારિકાઓને માટે જ શ્રીકૃષ્ણે વેણુનાદ કરેલો, પણ બૃહદ્ વામન પુરાણમાં લખ્યા પ્રમાણે જેઓને વરદાન મળેલું તેઓને વેણુનાદ સંભળાતાં તેઓ પણ આવ્યાં. તે સમયે શ્રીકૃષ્ણનું વય અગિયાર વર્ષનું હતું, તેથી ત્યાં કામવાસના બીલકુલ નથી એ સર્વ હકીકત ''संत्यज्य सर्वविषयान् तव पादमूलम्''[1] વગેરે શ્રીમદ્ભાગવતના શ્લોકથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. સર્વ વિષયોનો સંપૂર્ણ ત્યાગ કરીને વ્રજભક્ત શ્રીકૃષ્ણના ચરણકમલની ઈચ્છા કરે છે. ''ता नाविदन्'' એ શ્રીસમાધિ-ભાષાના-ભાગવતના-શ્લોકમાં પણ વ્રજસીમંતિનીના પૂર્ણ-ભાવમાં વિષય નથી એમ કહેવામાં આવેલું છે.

શ્રીસુબોધિનીકાર શ્રીમહાપ્રભુજી પોતે જ રાસપંચાધ્યાયીની કારિકામાં પણ એમ જ આજ્ઞા કરે છે. ''**क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते । तासां कामस्य संपूर्तिः निष्कामेनेति तास्तथा ॥ कामेन पूरितः कामः संसारं जनयेत् स्फुटम् । कामाभावेन पूर्णस्तु निष्कामः स्यात् न संशयः ॥ अतो न कापि मर्यादा भग्ना मोक्षफलापि च । अत एतच्छ्रुतौ लोको निष्कामः सर्वथा भवेत् ॥ भगवच्चरितं सर्वं यतो निष्काममीर्यते । अतः कामस्य नोद्बोधस्ततः शुकव चः स्फुटम्**''[2] ''અહીં ક્રિયા સર્વ તે જ છે પરંતુ કામ નથી. નિષ્કામ શ્રીકૃષ્ણે તેમનો કામ સંપૂર્ણ કર્યો માટે તે વ્રજસીમંતિની નિષ્કામ છે. કામ વડે કામ પૂર્ણ થાય તો સંસારની ઉત્પત્તિ જ સ્પષ્ટ રીતે થાય. નિષ્કામતાથી પૂર્ણ થયેલો કામ નિષ્કામ થાય એમાં શંકા નથી. તેથી કાંઈ પણ મર્યાદા તૂટી નથી. મોક્ષરૂપી ફળ આપનારી તે લીલા પણ તેથી જ થઈ. માટે જ

---

[1] ભાગ. ૧૦.૨૬.૩૧ હે વિભો ! સર્વ વિષયોનો ત્યાગ કરીને અમે આપશ્રીના ચરણકમલમાં આવ્યાં છીએ.

[2] સુ. ૧૦.૨૬.૪૨

આ રાસપંચાધ્યાયીના શ્રવણથી લોક હંમેશાં નિષ્કામ થાય છે. ભગવાનનું ચરિત્ર હંમેશાં નિષ્કામ જ કહેવાય છે, એટલે કામનો ઉદ્બોધ નથી, માટે શુકનું વચન સ્પષ્ટ છે.'' ખરી રીતે વ્રજસીમંતિની સર્વાત્મભાવથી ભરપૂર છે, અને એ સર્વાત્મભાવરૂપી સાધનનું ફલ સ્વરુપાનંદ છે. માટે શ્રીકૃષ્ણે વિરલ ભક્તોને રસાત્મક, ફલાત્મક, ભાવાત્મક, સ્વરુપાત્મક, આનંદનું પરમ દાન કર્યું છે. કામનો અને સ્વરુપાનંદનો વિશેષ ભેદ આગળ વર્ણવાશે. ''**विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोऽनुशृणुयात् अथ वर्णयेद् यः । भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीर :**''[1] એ શ્લોકમાં તો શુકદેવજી એમ જ આજ્ઞા કરે છે કે ''જે શ્રદ્ધાવાળો પુરુષ બાહ્ય તેમજ અંદર બધે જ રસમય સ્વરુપનું વ્રજવધૂ સાથેના આ વિહારનું શ્રવણ કે વર્ણન કરે તો તે પુરુષને ભગવાન વિષે પરા ભક્તિનો લાભ મળે છે અને તે ધીર પુરુષ કામરુપી હૃદયરોગથી તરતજ નિવૃત્ત થઈ જાય છે.'' ''**परदाराभिर्मशन**''[2] ની શંકાનું નિવારણ તો ''**धर्मव्यतिक्रमो दृष्टः**''[3] વગેરે શ્લોકથી પણ શ્રીશુકદેવજીએ કરી જ મૂક્યું છે.

ખરી રીતે પતિભાવે પણ શ્રીકૃષ્ણને ભજનારાઓની બુદ્ધિ ભગવાનમય થઈ જઈ લૌકિક કામ નિવૃત્ત થાય છે, અને તેથી તેઓ સ્વરુપાનંદના ઉત્તમમાં ઉત્તમ અધિકારી થાય છે એજ નિઃસીમ માહાત્મ્ય છે, રમણીય સિદ્ધાન્ત છે. બીજા માર્ગમાં દોષની નિવૃત્તિ જ્ઞાન, ભક્તિ વગેરે ધર્મથી થાય છે અને આ કમનીય, સુન્દર, માર્ગમાં તો દોષની જ સંભાવના નથી, પરંતુ એવો કોઈ અવર્ણનીય ઉત્કટ ભાવ જાગે છે કે જ્ઞાન, ભક્તિ વગેરે ધર્મરુપ સાધનથી પણ હૃદયમાં સંતોષ થતો નથી, સાક્ષાત્ રસાત્મક ધર્મિના સ્વરુપના ગાઢ સંયોગ વિના એ અસંતોષ, એ અસ્વાસ્થ્ય, સહજ

---

[1] ભાગ. ૧૦.૩૦.૪૦

[2] ભાગ. ૧૦.૩૦.૨૮ ભગવાને પરસ્ત્રી સાથે કેમ સંબંધ ક્યો એવી શંકા પરીક્ષિતને થાય છે.

[3] ભાગ. ૧૦.૩૦.૩૦ આ અને બીજા આઠ શ્લોકોમાં શુકદેવજી પરીક્ષિતની શંકાનું નિરાકરણ કરે છે.

થઈ રહે છે, ત્યારે તે સંયોગમાં આવતા સર્વ પ્રતિબંધનું નિવારણ પણ સાક્ષાત્ ધર્મિસ્વરુપ પોતાની કૃપા વડે, પોતાના જ બળ વડે, કરી દે છે. અને આમ બધું કાર્ય ધર્મિસ્વરુપ પોતાના બળથી કરી લે એ આ માર્ગમાં પરમ ઉત્કર્ષ છે. આ અલૌકિક શૃંગાર રસનો પ્રાકૃત વિષયભોગ સાથે સંભ્રમ-ગોટાળો-ન કરવો. શ્રીમદ્ભાષ્યકાર શ્રીવલ્લભાચાર્યજી પ્રથમ નીચે પ્રમાણે પૂર્વ પક્ષ દર્શાવે છે-**''ननु लोके अपि शृङ्गाररसभाववति पुंसि नार्यां च त्वदुक्तभावसंबन्धिव्यभिचारिभावाः श्रयन्ते सा एव सर्वत्र स एव सर्वत्र इति, एवं सति लौकिकसधर्मत्वात् न त्वदुक्तभावस्य अलौकिकज्ञानादिभ्यः आधिक्यं वक्तुं शक्यम् अलौकिक विषयत्वात् लौकिकत्वमपि न तथा इति भवति संशयः''**[1] પછીથી તેઓશ્રી ભાષ્યના સાધનાધ્યાયના-ત્રીજા અધ્યાયના-તૃતીયપાદના ૫૭મા તત્ત્વસૂત્રમાં વિષય અને અલૌકિક શૃંગારરસનું તારતમ્ય નિરુપણ કરે છે. ખરી રીતે લૌકિક વિષય રસ જ નથી. પણ રસાભાસ-રસનો આભાસ-માત્ર છે એમ રસશાસ્ત્રમાં નિરુપણ કરેલ છે, તે તેના દૃષ્ટાન્તથી તેવી રીતના ભાવવાળાં ભગવાનના ભક્તોની (ભગવાન વિના વિહ્વલ થઈ જવા વગેરે) રીતિની ભાવના કરવા માટે ઋષિઓએ નિરુપણ કરેલ છે, કંઈ લૌકિક વિષયમાં ઋષિઓનું તાત્પર્ય હોય એ યોગ્ય નથી. **''लौकिकपुंसि नार्यां वा तदाभासो रसशास्त्रे निरूप्यते तद्दृष्टान्तेन भगवद्भाववद्भक्तरीतिभावनार्थं, न तु ऋषीणां लौकिके तात्पर्यं भवितुमर्हति''**[2] એમ સ્પષ્ટ આજ્ઞા છે.

---

[1] અ. ભા ૩.૩.૫૭ વાદી નીચે પ્રમાણે શંકા કરે છે. :-
લોકમાં પણ શૃંગાર રસવાળા પુરુષ અને સ્ત્રીમાં સિદ્ધાન્તીએ દર્શાવેલા શૃંગારરસના વ્યભિચારી ભાવો હોય છે એમ નાટ્યશાસ્ત્ર અને સાહિત્ય શાસ્ત્રના ગ્રન્થોમાં જોવામાં આવે છે. નાયકને એવો ભાવ થાય છે કે ''મારી પ્રિયા બધેય છે,'' અને નાયિકાને એવો ભાવ થાય છે કે ''મારો પ્રિય બધેય છે''. આ પ્રમાણે લૌકિક ભાવના જેવો જ ભાવ સિદ્ધાન્તમાં જોવામાં આવે છે, એટલે સિદ્ધાન્તીએ જણાવેલો સર્વાત્મભાવ અલૌકિક જ્ઞાન વગેરેથી અધિક છે એમ કહી શકાશે નહિ; અને વળી આ સર્વાત્મભાવનો વિષય અલૌકિક છે એટલે તેને લૌકિક પણ કહી શકાશે નહિ.

[2] અ. ભા. ૩.૩.૫૭

લૌકિક શૃંગારને શ્રીમદ્આચાર્યચરણ રસ જ કહેતા નથી, રસનો આભાસ માત્ર કહે છે. પ્રાકૃત શૃંગારના રસાભાસનો આધાર તો અનિત્ય છે; પ્રીતિ કરવી, સ્નેહ કરવો, શૃંગાર રસનો ઉપભોગ કરવો તો તે પણ નિત્ય પદાર્થ સાથે જ કરવો અને તેવો નિત્ય પદાર્થ શ્રીકૃષ્ણ વિના બીજો કોઈ જ નથી, માટે શૃંગારરસ તો શ્રીકૃષ્ણમાં જ યોગ્ય છે. પ્રાકૃત વિષયીના દેહ, ઈન્દ્રિય વગેરે પંચમહાભૂતે નિર્માણ કરેલા પ્રાકૃત છે. **''अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्, परं भावमजानन्तः''**[1], **''न तु मामभिजानन्ति तत्त्वेनातः च्यवन्ति ते''**[2], **''जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः''**[3] એ ગીતાવાક્યોમાં અલૌકિક શૃંગારરસના આધાર જીવ, દેહ, ઈન્દ્રિય, કર્મ માનુષ, પ્રાકૃત, નથી એમ પ્રતિપાદન કરીને તેમાં પ્રાકૃતભાવ માનનારાનો વિરોધ કરી, રસની બધી સામગ્રી દિવ્ય છે, અપ્રાકૃત છે એમ ગીતાકાર સમર્થન કરે છે. **''भावात्मकस्वरूपस्य भावात्मानो व्रजस्थिताः । सदा तदेकसहितास्तद्रूपा न हि संशयः ॥ तस्य सर्वैव सामग्री मन्तव्या हि तथाविधा''**[4] એમ શ્રીહરિરાયજી જેવા મહાનુભાવીનાં વચન પણ એ જ સિદ્ધાન્તનું પોષણ કરે છે. પ્રાકૃત વિષયી જીવ બ્રહ્મની ઈચ્છાથી ઉત્પન્ન થયા છે; જ્યારે ભજનના આનંદમાં રસ લેનાર પુષ્ટ દૈવશિરોમણિ જીવ તો સાક્ષાત્ રસાત્મક ધર્મિસ્વરૂપના શ્રીઅંગમાંથી પ્રકટ થયા છે. **''यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्''**[5] વગેરે પુષ્ટ શ્રુતિ

---

[1] ગી. ૯.૧૧ મારું ઉત્તમ સ્વરુપ ન જાણનારા મૂઢ પુરુષો મને મનુષ્યનો દેહ ધારણ કરનારો જોઈને મારો અનાદર કરે છે.

[2] ગી. ૯.૨૪ તે સકામ લોકો મારા ખરા સ્વરુપથી મને બરોબર જાણતા નથી, તેથી તેઓ પડે છે.

[3] ગી. ૪.૯ જે પુરુષ મારા દિવ્ય જન્મ અને કર્મને આ પ્રમાણે બરોબર જાણે છે તે દેહ છોડ્યા પછી પુનર્જન્મ પામતો નથી. હે અર્જુન, તે તો મને જ પામે છે.

[4] સ્વ. મૂ. નિ. ૧૩, ૧૪ પ્રભુનું સ્વરુપ ભાવાત્મક છે અને વ્રજમાં રહેનારા ભક્તો પણ ભાવાત્મક છે, તેઓ પ્રભુના જ સંગમાં રહે છે અને તદ્રૂપ છે એમાં શંકા નથી. તેમની બધીય સામગ્રી તે જ પ્રકારની-ભાવાત્મક, અલૌકિક-છે એમ માનવું.

[5] મુ. ઉ. ૩.૨.૩ ભગવાન જેનું વરણ કરે છે તે જ માણસ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. આ પરમાત્મા પોતાનું સ્વરુપ તે ભક્તના આગળ પ્રકટ કરે છે.

અહીં પ્રમાણ છે.

પ્રાકૃત વિષયની બધી વાત સ્વાર્થપરાયણ જ હોય છે, જ્યારે અહીં તો પ્રભુસુખની જ ઉત્કટ ઈચ્છા હોય છે. પ્રાકૃત આસુરીનું કાર્ય પ્રાવાહિક હોય છે, જ્યારે ભગવાનના ભક્તની બધી કૃતિ શૃંગારરસઘન અને સર્વાત્મભાવથી પરિપૂર્ણ હોય છે. પ્રાકૃત વિષયીને રોગ વગેરે ઉપદ્રવ થાય છે, અલૌકિક ભગવાનના રસનું પાન કરનારને રોગ વગેરે ઉપદ્રવ થતો નથી. ‘‘न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः । महानुभावा : प्रायेण ।।’’[૧] વગેરે વચનામૃતનું પણ એ જ તાત્પર્ય છે. ‘‘द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्’’[૨] એ શ્લોકમાં પ્રાકૃત વિષયને આસુર કહેલાં છે, જ્યારે અલૌકિક ભજનમાં રસ લેનાર તો દૈવી જીવ છે. ‘‘मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि’’[૩] એમ ભક્તો ભગવાનનાં જ્ઞાનથી પૂર્ણ હોય છે. એવા રસપૂર્ણ, ગુણપૂર્ણ, અનુરાગપૂર્ણ ભજનનો રસાનંદ લૂંટનાર ભગવાનના ભક્તો તો સાક્ષાત્ રસમય પુરુષોત્તમને વશ કરી લે છે ‘‘वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा[૪]’’, ‘‘अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज’’[૫] એમ શ્રીમુખવાક્ય પણ ભગવાનના ભક્તે કરેલા વશીકરણનું સાક્ષાત્ પ્રતિપાદન કરે છે, પોતે જ ભક્તપરાધીનતા નિરુપણ કરે છે. સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પણ એવા અનન્ય ભજનના આનંદનો રસ લૂંટનાર ભક્તના હંમેશાં ઋણી છે. न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः

---

[૧] પુ. પ્ર. મ. ૧૯ ભગવાનના ભક્તોને કદાચિત્ શાપ આપવામાં આવ્યો હોય તો પણ શાપ પૂરો થઈ જાય ત્યાર પછી તે ભક્તો પાખંડ માર્ગમાં પ્રવેશ કરતા નથી, તેમ જ તેમને રોગ વગેરેનો ઉપદ્રવ પણ થતો નથી, તેઓ મહાનુભાવ જ હોય છે.

[૨] ગી. ૧૬.૬ હે પાર્થ, આ લોકમાં દૈવ અને આસુર એ બે જ પ્રકારની ભૂતસૃષ્ટિ છે.

[૩] ભા. ૯.૪.૬૮ સાધુ પુરુષો મારું હૃદય છે, અને હું સાધુ પુરુષોનું હૃદય છું. તેઓ મારા સિવાય બીજું કંઈ જાણતા નથી, અને હું પણ તેમના વિના બીજું કંઈ જાણતો નથી.

[૪] ભાગ. ૯.૪.૬૬ જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પવિત્ર પતિને શુદ્ધ સ્નેહથી વશ કરે છે તેમ ભક્તજનો મને ભક્તિથી વશ કરે છે.

[૫] ભાગ. ૯.૪.૬૩ હે દ્વિજ, હું ભક્તને આધીન છું અને પરતંત્ર જેવો છું.

। या माभजन् दुर्जरगेहशृङ्खलां संवृश्च्य तद्वः प्रतियातु साधुना’’[૧] એ શ્લોકમાં પણ ભગવાન પોતે જ ઋણ કબૂલ કરે છે. જેમના સર્વાત્મભાવની છટામાત્રથી ઉદ્ધવ સરખા જ્ઞાની ભક્ત પણ સ્નેહથી વિવશ થઈ જઈ ‘‘सर्वात्मभावोऽधिगतो भवतीनामधोक्षजे । विरहेन महाभागा महान् मेऽनुग्रहः कृतः ।।[૨]’’ એમ પ્રાર્થના કરે છે. ‘‘वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः’’ ।[૩] જેમનાં ચરણરજનું વંદન કરે છે એવા ઉત્તમમાં ઉત્તમ ભગવાનના ભક્તોનાં ઉત્તમ સૌભાગ્ય હંમેશાં અવર્ણનીય છે.

પ્રાકૃત વિષયમાં દેશ, કાળ, લોક, વેદની ભીતિ રહે છે. અપ્રાકૃત ભગવાનના શૃંગાર રસનું પાન કરનાર વિરલ રસિકને કોઈ પણ પ્રકારનો ભય હોતો નથી. ‘‘सर्वेषु लोकेषु कामचारी भवति’’, ‘‘आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन’’[૪] વગેરે શ્રુતિઓ બધી રીતે આ વાતનું જ નિરુપણ કરે છે. ‘‘तानहं द्विषतः[૫]’’ એ ગીતાના વાક્યમાં આસુરી પ્રાવાહિક વિષયીને નરકરુપ અધમમાં અધમ ગતિ પ્રાપ્ત થાય છે એમ પ્રતિપાદન કર્યું છે. રસાત્મક પ્રભુના અલૌકિક શૃંગારરસના ઉપભોગથી સઘળી લૌકિક વિષયવાસના નિવૃત્ત પામી જાય છે, લીલાત્મક સ્વરુપાનંદ પ્રાપ્ત થાય છે. ‘‘रसो वै

---

[૧] ભાગ. ૧૦.૨૯.૨૨ ભગવાન્ શ્રીગોપીજનોની સ્તુતિ કરતાં કહે છે કે:- ‘‘તમે મારા નિર્દોષ ભજનથી મારી સાથે જોડાએલાં છો. તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષ્યથી પણ વાળી શકું એમ નથી. ન તોડી શકાય એવી ઘરની સાંકળો તોડી નાખીને તમે મારું ભજન કર્યું છે. આ તમારા સત્કાર્યનો બદલો તમારા સંતોષથી જ થાવ.

[૨] ભાગ. ૧૦.૪૪.૨૭ હે મહાભાગ્યવાન્ ગોપીજનો, વિરહાવસ્થામાં તમને ભગવાનને વિષે સર્વાત્મભાવ પ્રાપ્ત થયો છે. આપે સર્વાત્મભાવનો મને ઉપદેશ આપીને મારા ઉપર મોટી કૃપા કરી છે.

[૩] ભાગ. ૧૦.૪૪.૬૩ વ્રજની બધી સ્ત્રીઓના પગની એક રજને હું અનેકવાર વંદન કરું છું.

[૪] તૈ. ઉ. ૨.૯ જે માણસ બ્રહ્મનો આનંદ જાણે છે તે કોઈનાથી બ્હીતો નથી.

[૫] ગી. ૧૬.૧૭ દ્વૈષી, ક્રૂર, મનુષ્યોમાં અધમ તથા અશુભ કર્મ કરનારા માણસોને હંમેશાં આસુરી યોનિમાં જ હું નાખું છું.

सः रसं हि एव अयं लब्ध्वा आनन्दी भवति''[1] એ શ્રુતિ ભગવાનનું રસાત્મકપણું પ્રતિપાદન કરે છે અને એ જ રસની પ્રાપ્તિથી જીવ આનંદપૂર્ણ થાય છે એમ સ્પષ્ટ આજ્ઞા કરે છે. આ પ્રમાણે પ્રત્યક્ષ શ્રુતિ ઉત્તમમાં ઉત્તમ ફલનું કથન કરી રહી છે. પ્રાવાહિક જીવને ઈચ્છા માત્રથી જ ફળ પ્રાપ્ત થાય છે; જ્યારે રસમગ્ન પુષ્ટ જીવને સાક્ષાત્ રસરુપ શ્રીઅંગમાંથી બધાં ફળ પ્રાપ્ત થાય છે માટે જ ''**प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते**''[2] પુષ્ટ જીવ પ્રવાહમાં આવીને પણ પેલા વિષયી પ્રાવાહિક આસુર જીવ સાથે સંસર્ગ જ રાખતો નથી એવો મહાન ભેદ છે.

આમ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ પ્રાચીન વૈષ્ણવ માર્ગને વિષયાત્મક બનાવ્યો નથી પણ રસાત્મક અને ભાવપ્રચુર કર્યો છે. એમણે પ્રાચીન વૈષ્ણવ માર્ગમાંથી Sensuality,-વિષયપણા-નો Touch-સ્પર્શ-માત્રનો સંપૂર્ણ નાશ કરી શુદ્ધ ઉત્તમમાં ઉત્તમ રસાત્મક Lyric tone-ઉત્કટ ઊર્મિભાવ-આપી પુષ્ટિમાર્ગની સપ્રમાણ ઉત્તમતા પ્રસિદ્ધ કરી છે. પ્રાવાહિક પ્રાકૃત માર્ગના જીવ, દેહ, કૃતિ, ફલ, બધાથી પોતાના માર્ગમાં, પુષ્ટિ માર્ગમાં, મોટી વિલક્ષણતા પ્રતિપાદન કરી ઉજ્જવલ યશનો વિસ્તાર શ્રીમદ્ આચાર્યવર્યે કર્યો છે. રસાત્મક લીલા પ્રકટ કરે છે તો પણ શ્રીમદાચાર્યચરણ ''**धर्मसेतूनां वक्ता कर्ता**'' અને ''**अभिरक्षिता**'' છે એજ નિ:સીમ માહાત્મ્ય છે.

આ પ્રમાણે આસુર વિષયી સૃષ્ટિથી પુષ્ટિ માર્ગનો ભેદ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યો. હવે દૈવી મર્યાદામાર્ગથી દૈવશિરોમણિ પુષ્ટિમાર્ગનું વૈલક્ષણ્ય બતાવવામાં આવે છે. માર્યાદિક, વૈદિક, માર્ગ બ્રહ્મની વાણીમાંથી પ્રકટ થયો છે; જ્યારે પુષ્ટિમાર્ગ સાક્ષાત્ શ્રીઅંગમાંથી પ્રકટ થયો છે. મર્યાદામાર્ગમાં વેદે કહેલું ફળ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીઅંગમાંથી ફળની પ્રાપ્તિ થાય છે. મર્યાદામાર્ગમાં વેદ વગેરે શબ્દ ફલ પ્રાપ્તિમાં પ્રમાણ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં ભગવાન્ અથવા તેમણે કરેલો વેણુનાદ શબ્દ પ્રમાણ છે. મર્યાદામાર્ગમાં બ્રહ્મ પ્રમેય છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં ''**रसो वै सः**'', ''**यः सर्वत्र**'', ''**सर्वकामः**'', ''**सर्वरसः**'' વગેરે શ્રુતિઓએ પ્રતિપાદન કરેલા રસરુપ પુષ્ટ પુરૂષોત્તમ પ્રમેય છે. મર્યાદામાર્ગમાં જ્ઞાન અને ભક્તિ સાધન છે. જ્યારે પુષ્ટિમાં વિપ્રયોગ, વિયોગ રસાત્મક સર્વાત્મભાવનું દાન સાધન છે. મર્યાદામાં સાયુજ્ય ફલ છે, જ્યારે પુષ્ટિમાં સાક્ષાત્ ભગવાનના અધરામૃતનું ફલ છે.

મર્યાદામાર્ગના સંન્યાસમાં વૈરાગ્યથી અધિકાર થાય છે, જ્યારે પુષ્ટિ માર્ગમાં કૃષ્ણની સેવા વડે સંસિદ્ધ વિપ્રયોગાત્મક સ્વરુપ વિષે સેવાત્મક અનુરાગ એ સંન્યાસનું સાધન છે. મર્યાદામાર્ગના સંન્યાસમાં શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનું હોય છે; અને ચિત્તને અસ્વાસ્થ્ય, વિકલત્વ, થઈ જાય માટે એક ઠેકાણે રહેવાની વાત પણ તે સંન્યાસમાં નથી, જ્યારે પુષ્ટિમાર્ગમાં શ્રવણાદિનો પણ નિષેધ છે, અપ્રાકૃત વિકલત્વ અને અસ્વાસ્થ્ય એજ પુષ્ટિમાર્ગનો સહજ સ્વભાવ છે, એટલે એક જ સ્થાને રહેવાનું હોય છે. મર્યાદામાર્ગના સંન્યાસીને મનના આનન્દ માટે, શાંતિ મેળવવા માટે, પૃથ્વીનું પર્યટન કરવાનું હોય છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં વિશેષ અસ્વાસ્થ્ય ઉપજાવે તેવી પદલીલા વગેરેનાં દર્શન માટે જ ફરવાનું હોય છે. મર્યાદા માર્ગમાં પોતાના દેહની રક્ષા માટે ભિક્ષા માગવાની છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં વિયોગરૂપી અગ્નિ વડે દેહ પાડવાને માટે જ બધો ઉદ્યમ હોઈ દેહની રક્ષા માટે ભિક્ષા ભાગવાની રહેતી જ નથી. મર્યાદામાર્ગમાં શ્રીકૃષ્ણના માહાત્મ્યને પ્રતિપાદન કરનાર વેદાન્તનું શ્રવણ કરવાનું છે, તે વડે સંસારદુ:ખ નાશ પામે છે. અને આત્મસુખ સિદ્ધ થાય છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં એવું શ્રવણ નથી. ભગવાનના વિરહની ભાવનામાં-તો જ્ઞાન પણ સ્વાસ્થ્યજનક હોવાથી બાધક છે. મર્યાદામાર્ગમાં સંન્યાસીના કેટલાક ધર્મ નિરુપણ કરેલા છે, જ્યારે પુષ્ટિ માર્ગમાં એવું કંઈ નથી. સાક્ષાત્ પુષ્ટિમાર્ગના સ્વામી **सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज**'' એમ શ્રીમુખ વડે સર્વધર્મનો ત્યાગ કરવાનું કહે છે. મર્યાદામાર્ગમાં ભગવો વેષ પણ સંન્યાસનું અંગ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં સંબંધીઓથી બંધમાત્રની નિવૃત્તિને માટે જ વેષ ધારણ કરવામાં આવે છે. મર્યાદામાર્ગમાં મોક્ષની આકાંક્ષા હોય છે; જ્યારે પુષ્ટિમાર્ગમાં મોક્ષની પણ ઈચ્છા નથી, હરિની જ વાંછના છે, અને કેટલાક

---

[1] તૈ. ઉ. ૨. ૭. પરમાત્મા ખરેખર રસરુપ છે. અને રસરુપ પરમાત્માને પ્રાપ્ત કરીને જીવાત્મા આનંદી થાય છે.

[2] પુ. પ્ર. મ. ૨૫.

વિયોગીઓને તો તે પણ નથી. મર્યાદામાર્ગમાં પ્રતિબંધની પણ બીક રહે છે; જ્યારે પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ પણ પ્રતિબંધ કરી શકતા નથી. તો બીજા કોઈ પ્રતિબંધ તો ક્યાંથી કરી શકે ? મર્યાદામાર્ગમાં પ્રણવમંત્રનું-ઊઁનું-ધ્યાન, ઉચ્ચારણ છે, જ્યારે પુષ્ટિ માર્ગમાં તાપાત્મક-તાપદાયક-વિપ્રયોગક્લેશ-વિયોગથી થતો ક્લેશ-મનની જ ભાવના છે. મર્યાદામાર્ગમાં લીલાનો અનુભવ બહાર થાય છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં બધો અનુભવ અંદર થાય છે. ટૂંકમાં, પુષ્ટિમાર્ગનો સંન્યાસ કેવળ ખૂબ અનુગ્રહ થાય તો **જ સાધ્ય છે**, જીવના કર્મથી સાધ્ય નથી એ જ એની મહાન વિલક્ષણતા છે.

જીવને શ્રીકૃષ્ણનો સંબંધ એ જ ભક્તિમાર્ગમાં મોક્ષ કહેવાય છે. એ મોક્ષ બે પ્રકારનો છે :-(૧) જીવકૃત અને (૨) ભગવત્કૃત. માર્ગમાં નિષ્ઠા રાખવાથી ધીરે ધીરે જીવને કૃષ્ણ સાથે સંબંધ થાય, પરમાનંદમાં પ્રવેશ થાય તેને જ સાયુજ્ય કહે છે. શ્રીકૃષ્ણ પોતે જ જીવમાં પ્રવેશ કરે તે મુક્તિ સદ્યોમુક્તિ કહેવાય છે, એમાં કંઈ પણ સાધન નથી; અત્યંત કૃપા વડે પોતાના પ્રમેયબલથી શ્રીકૃષ્ણ જે ક્ષણે જીવ વિષે પ્રવેશ કરે છે તે જ ક્ષણે મુક્તિ થઈ જાય છે. મર્યાદામાર્ગમાં જીવને ભગવાનની પ્રાપ્તિ થાય છે, પુષ્ટિમાર્ગમાં ભગવાનને જીવની પ્રાપ્તિ થાય છે.

ભક્તિ બે પ્રકારની છે :- (૧) ચરણકમલની અને (૨) મુખારવિંદની. પ્રથમ ભક્તિ શીતલ છે, કારણ કે શ્રવણ, કીર્તન વગેરે વડે જ તે ભક્તિમાં સુખનો સંબંધ થાય છે. તે ભક્તિ નારદ વગેરેને સુલભ છે. બીજી ભક્તિ તો દુર્લભ છે, કારણ કે તે શ્રીકૃષ્ણના અધરામૃતનું સેવન છે, ગોપસીમંતિનીના ભાવરૂપ, વિરહ અનુભવરૂપ, ઉત્કટ ભક્તિ છે, અને એનું દાન ભગવાન જાતે જ પોતાના બળથી કરે છે. એક ભક્તિ વેદ સિદ્ધ છે, જ્યારે બીજી ભક્તિ સ્વતંત્ર છે. એક ભક્તિ ઉપનિષદોથી કહેવાયેલાં ભેદનો બોધ કરનારાં સૃષ્ટિના કર્તૃત્વ વિષેનાં વાક્યો વગેરેથી, માહાત્મ્યજ્ઞાન વડે થાય છે, જ્યારે બીજી ભક્તિ "मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसम्"[1] વગેરે સર્વભાવને

---

[1] ભાગ ૧૦.૨૯.૩૧ હે વિભો, અમને ઘેર જવાની આજ્ઞા કરનારાં આવાં ક્રૂર વચનો જે આપ કહો છો તે આપને શોભતું નથી.

નિરુપણ કરતાં સૃષ્ટિ વાક્ય વડે થાય છે. "गतिस्मित"[1] વગેરે વાક્યનો અભેદ ભાવનો બોધ પુષ્ટિમાર્ગમાં છે. મર્યાદામાર્ગમાં સાયુજ્ય ફલ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં સાધનરુપ બને છે. મર્યાદામાર્ગમાં ફલની અપેક્ષા છે; જ્યારે પુષ્ટિમાર્ગમાં નિરપેક્ષતા છે. મર્યાદામાર્ગના પુરુષોત્તમથી પણ પુષ્ટિમાર્ગના પુરુષોત્તમ વિલક્ષણ છે. મર્યાદામાર્ગમાં પ્રભુનું સ્વરુપ ધર્મરુપ છે, જ્યારે પુષ્ટિમાર્ગીય સ્વરુપ ધર્મિસ્વરુપ છે. મર્યાદા પુરુષોત્તમ **દક્ષિણાંગ** છે, જ્યારે પુષ્ટિ પુરુષોત્તમ **વામાંગ** છે. મર્યાદા પુરુષોત્તમ **નિહિત-સ્થાપિત**-છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ છે. મર્યાદા પુરુષોત્તમનું સ્થળ અક્ષરાત્મક વ્યાપિવૈકુંઠ છે, જ્યારે પુષ્ટિમાર્ગના પુરુષોત્તમનું સ્થળ તો શ્રીમદ્ ગોકુલ છે. "**तानि परे तथा हि आह**".[2] એ તત્ત્વસૂત્રમાં સૂત્રકાર શ્રીમદ્ ગોકુલનું વ્યાપિવૈકુંઠથી પરત્વ-ઉત્કર્ષ-પ્રતિપાદન કરે છે. મર્યાદા પુરુષોત્તમ વ્યાપિવૈકુંઠમાં લક્ષ્મીજી સાથે જ લીલા કરે છે, એટલે વ્યાપિવૈકુંઠમાં લક્ષ્મીજીનું સ્વાતંત્ર્ય છે, જ્યારે પુષ્ટિપુરુષોત્તમ તો શ્રીમદ્ ગોકુલમાં, વ્રજમાં લક્ષ્મીજીથી ઉત્કૃષ્ટ અનેક ભક્તો સાથે નિત્ય વિહાર કરે છે, એટલે લક્ષ્મીજી વ્રજમાં હંમેશાં ભગવાનના સંગમની ઈચ્છાથી દાસ્યભક્તિ કર્યા કરે છે. બીજી પાલિકા શક્તિરુપ લક્ષ્મીજીનો તો વ્રજલીલામાં પ્રવેશ પણ નથી.

મર્યાદામાર્ગના પુરુષોત્તમના અધિકારી શુદ્ધાદ્વૈતજ્ઞાની ભક્ત છે, જ્યારે પુષ્ટિમાર્ગના પુરુષોત્તમના અધિકારી સ્વતંત્ર રસિક ભક્ત છે. મર્યાદા પુરુષોત્તમના અધિકારીનો પણ અક્ષરબ્રહ્મમાં લય થાય છે, ફરીથી તેમાંથી ઉદ્ધાર થાય છે, જ્યારે પુષ્ટિ ભક્તોનો તો લય પણ કદી થતો નથી, ઉદ્ધાર પણ થતો નથી. જેમ પુષ્ટિ

---

[1] ભાગ ૧૦.૨૭.૩ પ્રિય પ્રભુનાં ગતિ, સ્મિત, પ્રેક્ષણ, ભાષણ વગેરેમાં ગોપીજનો પોતાનું સ્વરુપ આરોપણ કરીને તદાત્મક થયાં અને કૃષ્ણની માફક વિહાર અને વિલાસ કરતાં કરતાં "હું કૃષ્ણ છું" એમ તેઓ કહેવા લાગ્યાં.

[2] બ્ર. સૂ. ૪.૨.૧૫ પૂર્ણ સ્વરુપાનન્દનું દાન વગેરે વસ્તુઓ વૈકુણ્ઠથી પણ ઉત્તમ એવા શ્રીગોકુલમાં જ છે, કારણ કે તે પ્રમાણે શ્રુતિ કહે છે.

પુરુષોત્તમ સ્વયં પ્રકટ થઈને લીલા કરે છે તેમ જ અત્યંત અનુગ્રહ વડે પોતાના હૃદયમાં રહેલા ભક્તને પણ પ્રકટ કરીને તેના સ્નેહને વશ થઈ જઈ ભગવાન્ પોતાની લીલાના રસનો અનુભવ કરાવે છે. મર્યાદામાર્ગમાં પાપનો ક્ષય થયા પછી, શુદ્ધ થયા પછી, ભક્તિનો અધિકાર થાય છે, જ્યારે પુષ્ટભક્ત હંમેશાં શુદ્ધ જ હોય છે. મર્યાદામાર્ગમાં જ્ઞાનનું પણ સહકારિત્વ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં ભક્તિ, નિરપેક્ષ, સ્વતંત્ર છે. પોતાની ઈચ્છાથી કોઈ ભક્તને સગુણ દેહનું દાન કદી કરે, તો પણ તે સગુણ દેહ વગેરેનો નાશ તે જીવે કરેલા કર્મ, જ્ઞાન, ભક્તિરુપી સાધનથી થઈ શકતો નથી, પણ પુષ્ટિ પુરુષોત્તમ ધર્મિસ્વરૂપ પોતાના પ્રમેય બલ વડે જ પોતે આપેલા શરીર આદિનો નાશ કરે છે. માટે જ સૂત્રકાર ‘‘अत एव च अनन्याधिपतिः’’[1] એમ સૂત્ર યોજે છે. ‘‘नायमात्मा प्रवचनेन लभ्यः’’ ‘‘केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः’’, ‘‘न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह’’ વગેરે ફલમાર્ગીય વાક્યોનો પણ આશય એ જ છે.

પ્રાચીન સનાતન મર્યાદામાર્ગ ઘણાં નામોથી પ્રખ્યાત છે. તેમાંનાં વિહિત માર્ગ-વૈદિક માર્ગ-આર્ય માર્ગ-સાધનમાર્ગ-પ્રમાણમાર્ગ વગેરે કેટલાંક નામો છે. કળિયુગમાં માયાવાદ વગેરે વિપરીતવાદના અંધકારમાં તે સનાતન માર્ગ થોડો વખત રહ્યો હતો તેથી શ્રીમદ્ વૈશ્વાનરાચાર્યવર્યે, શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ થઈ, માયાવાદ વગેરેના અંધકારને પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા ઉપરનાં બે ભાષ્યો, સુબોધિની, નિબન્ધ, તત્ત્વદીપ વડે દૂર કરી સનાતન પ્રમાણમાર્ગને ફરીથી જગતમાં પ્રકાશિત કર્યો છે. પુષ્ટિમાર્ગનાં પણ અવિહિતમાર્ગ-સ્વતંત્રમાર્ગ-ભજનાનંદરસમાર્ગ-કૃપામાર્ગ-નિઃસાધનમાર્ગ-ફલમાર્ગ-પ્રમેયમાર્ગ-નિરૂપધિસ્નેહમાર્ગ-વગેરે કેટલાંક નામો પ્રખ્યાત છે અને તે મર્યાદામાર્ગથી અત્યંત વિલક્ષણ છે.

હવે પહેલાં આપેલાં પુષ્ટિમાર્ગના વિલક્ષણતા બતાવનારાં ભાષ્યનાં વાક્યો સ્વાભાવિક રીતે સુસ્પષ્ટ થઈ જશે. કૃતિસાધ્ય (જીવની પોતાની કૃતિથી સાધ્ય) જ્ઞાન

---

[1] બ્ર. સૂ. ૪.૪.૯ વરુણરુપી સાધન અને સ્વરુપાત્મક ફળ ભગવાન પોતે જ થાય છે તેથી તે અનન્ય ભક્તોના અધિપતિ છે.

અને ભક્તિરુપ સાધન શાસ્ત્રમાં જણાવેલાં છે, તે સાધન વડે મુક્તિ એ મર્યાદા; અને શાસ્ત્રોક્ત-શાસ્ત્રએ કહેલાં-જ્ઞાનભક્તિરૂપી સાધન વિના જીવને પણ ભગવાન પોતાના સ્વરુપના બલ વડે સ્વપ્રાપ્તિ કરાવી લે તે પુષ્ટિ કહેવાય છે. સાધનવિના, (જીવકૃત સાધનવિના) સ્વરુપ બલ વડે જ ભગવાન કાર્ય કરે, જીવનું બધું કાર્ય સિદ્ધ કરે, એ પુષ્ટિ. સાધનના ક્રમ વડે મુક્તિની ઈચ્છા મર્યાદામાર્ગીય નિયમ છે, શાસ્ત્રોક્ત સાધન વિના જ મુક્તિની ઈચ્છા પુષ્ટિમાર્ગીય નિયમ છે. પુષ્ટિમાર્ગ માત્ર અનુગ્રહથી જ સાધ્ય છે, અને પ્રમાણમાર્ગથી વિલક્ષણ છે. મર્યાદા અને પુષ્ટિ એમ બે ભેદથી અંગીકાર બે પ્રકારના કહેવાય છે. તેમાં અન્યસહકારની જે અપેક્ષા તે મર્યાદાપક્ષમાં, પુષ્ટિમાં તો અન્યની અપેક્ષા જ નથી. ‘‘संकल्पादेव तच्छ्रुतेः’’[1], ‘‘स्वामिनः फलश्रुतेः इति आत्रेयः’’[2], વગેરે તત્ત્વસૂત્રનો પણ એજ ઉત્તમ સિદ્ધાન્ત છે. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज’’ વગેરે શ્રીમુખવાક્યનું પણ તાત્પર્ય હવે સહજ લક્ષમાં આવશે. પુષ્ટિમાર્ગમાં સર્વ ધર્મનો ત્યાગ કરીને સ્વરુપાત્મક ધર્મિસ્વરૂપને શરણે જવાનો જ ઉત્તમમાં ઉત્તમ ઉપદેશ છે.

આસુર, વિષયાત્મક, પ્રવાહ માર્ગથી, તેમજ કર્મ ઉપાસના-શુદ્ધાદ્વૈતજ્ઞાન-ભક્તિમય દૈવી મર્યાદા માર્ગથી પણ અનુગ્રહાત્મક પુષ્ટિમાર્ગ તદ્દન નિરાળો છે એમ પ્રતિપાદન કરવામાં આવ્યું. હવે પુષ્ટિ માર્ગના વિશેષ સ્વરૂપનું દર્શન કરીએ. જે માર્ગમાં ફલપ્રાપ્તિ થવામાં નિઃસાધનતા જ સાધન છે, જે માર્ગમાં ફલ છે તેજ સાધન

---

[1] બ્ર. સૂ. ૪.૪.૮ જેને ભજનાનન્દનું દાન કરવાની ઈચ્છા ભગવાન્ કરે છે તે જ માણસને પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે; એટલે ભગવાનનો સંકલ્પ જ પર પ્રાપ્તિનાં કારણભૂત છે કારણ કે શ્રુતિ આ પ્રમાણે કહે છે.

[2] બ્ર. સૂ. ૩.૪.૪૩ ભક્તિમાર્ગના સ્વામી શ્રીગોકુલેશ પાસેથી જ ફળ મળે છે એમ શ્રુતિ કહે છે. આ પ્રમાણે આત્રેય આચાર્યનો અભિપ્રાય છે. અર્થાત્ જ્યારે ફળ શ્રીગોકુલેશ પાસેથી જ મળવાનું છે ત્યારે તો પુષ્ટિમાર્ગીય ભક્તને વિહિત અને અવિહિતનું જ્ઞાન ઉપયોગી નથી.

છે અને સાધન છે તે જ ફલ છે, તેને પુષ્ટિ માર્ગ કહેવામાં આવે છે. જે માર્ગમાં લૌકિક અને વૈદિક સિદ્ધિ અનુગ્રહ વડે જ થયા કરે છે, યત્નવડે નહિ, તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે. ''अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥''[1] એમ ભગવાનની આજ્ઞા છે. તાત્પર્યજ્ઞાનપૂર્વક જે માર્ગમાં ફક્ત સ્વરૂપમાં આસક્તિ છે, જેમાં સાક્ષાત્ ધર્મિ સ્વરુપ પર જ અનન્ય નિષ્ઠા છે, ધર્મસ્વરૂપ ઉપર નિષ્ઠા નથી, તે માર્ગને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે. જે માર્ગમાં અંગીકાર કરવામાં યોગ્યતા વગેરેનો વિચાર નથી, જ્યાં પ્રભુ કોઈ પ્રકારનો વિલંબ કરતા નથી તે પુષ્ટિ માર્ગ કહેવાય છે. જ્યાં પ્રભુકૃતિમાં-પ્રભુના-કાર્યમાં-કાંઈ પણ ગૂઢ દોષ હોતો નથી, પ્રભુકૃતિમાં જ્યાં સર્વત્ર ઉત્તમ જ્ઞાન છે, તેને પુષ્ટિમાર્ગ કહે છે. ''जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः[2] વગેરે વાક્યોનું રહસ્ય પણ આ જ છે. જે માર્ગમાં હંમેશાં લોકવેદની અપેક્ષા નથી, શ્રીકૃષ્ણના સુખ માત્રની જ અપેક્ષા હોય છે, તે માર્ગ પુષ્ટિ માર્ગ કહેવાય છે. ''त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन''[3] વગેરે વાક્યોનું આજ ગૂઢ તાત્પર્ય છે. જે માર્ગમાં અંગીકાર કરવામાં પ્રભુને અણુમાત્ર પણ સ્વાર્થ નથી, કેવલ પોતાની ઈચ્છાથી જ વરણ-અંગીકાર-કરે છે તે માર્ગને પુષ્ટિ માર્ગ કહે છે. જ્યાં આવિર્ભાવની પણ અપેક્ષા નથી, ભક્તિ સ્વતંત્ર છે, સાનુભાવ સ્વરુપ છે, તે પુષ્ટિમાર્ગ કહેવાય છે.

જે માર્ગમાં ભાવ એટલો બધો વધેલો છે કે લોકનો પણ ભય રહેતો નથી, વેદનો પણ ભય રહેતો નથી, પ્રભુ સિવાયનું બધું બાધક છે એમ સ્ફૂર્તિ થાય છે, તેને

---

[1] ગી. ૯.૨૨ જે લોકો અનન્ય ભાવે મારું જ ચિન્તન કરતાં સર્વ પ્રકારે મને જ ભજે છે તે અભિયુક્ત-હંમેશાં મારામાં જ ચિત્ત લગાડનાર-લોકોના યોગ અને ક્ષેમ હું સિદ્ધ કરું છું.

[2] ગી. ૪.૯ જે પુરુષ મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને આ પ્રમાણે યથાર્થ જાણે છે તે દેહ છોડ્યા પછી પુનર્જન્મ પામતો નથી, પણ હે અર્જુન, તે તો મને જ પામે છે.

[3] ગી. ૨.૪૫ વેદના ત્રણે ય કાણ્ડોમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની બાબત છે. હે અર્જુન, તું નિર્ગુણ થા.

પુષ્ટિમાર્ગ કહે છે. ''सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज'', ''एवं मदर्थोज्झितलोकवेदस्वानाम्''[1], ''आनन्दं ब्रह्माणो विद्वान् न बिमेति कुतश्चन'' વગેરે વાક્યો પણ આ જ ઉત્તમ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે. જ્યાં સ્વરુપસંબંધ જ સાધન છે, સ્વરુપ સંબંધ જ ફળ છે, અને એ સંબંધ પણ જ્યાં ફક્ત સ્વેચ્છા માત્રથી જ થાય છે, તેને પુષ્ટિમાર્ગ કહે છે. બીજે મોક્ષ ફલ છે, અહીં મોક્ષવિરુદ્ધ બંધ, સંબંધ, સમ્યક્ બંધ ફલ છે; ફલ છે એટલું જ નહિ પણ સાધન પણ તે સંબંધ જ છે ! જ્યાં તત્સંબંધીમાં તદ્દભાવ છે, તદ્દવિરોધીમાં વિરુદ્ધભાવ છે, ઉદાસીનમાં સમભાવ છે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે. વિદ્યમાન દેહ વગેરેની પણ જે માર્ગમાં પોતાપણાની ભાવના નથી, પરોક્ષમાં પણ તદર્થિત્વ-તેને માટે જ-છે તે માર્ગને પુષ્ટિમાર્ગ કહે છે. જેમાં સેવાયોગ્ય સ્વરુપના ભજનમાં કોઈ પ્રકારનો ઉપકાર નથી, ભાવમાત્રનું જ પોષણ છે, તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે, જે માર્ગમાં ફળદાનથી પ્રભુ ભજનનો અપવાદ કરતા નથી, તેને પુષ્ટિમાર્ગ કહે છે. જ્યાં સર્વ લીલાનો મહિમા હોવાથી વિપ્રયોગમાં સંયોગ કરતાં વિશેષ સુખસંબંધ થાય છે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે. જ્યાં ફળ અને સાધનમાં બધે જ વિપરીતભાવ છે, સાધન જ ફળ છે તે માર્ગને પુષ્ટિમાર્ગ કહે છે. જે માર્ગમાં ભગવાન સંબંધી કૃતિ કાર્ય હોવા છતાં પણ દીનતા ઉત્પન્ન થવા માટે હંમેશાં પશ્ચાતાપનો તાપાત્મક ક્લેશ રહ્યા કરે છે તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે. જે માર્ગમાં હૃદયમાં રહેલા પ્રભુના બહાર પ્રકટ કરાવવામાં સાપેક્ષ એવું દૈન્ય જ સાધન છે, વિયોગમાંથી જન્મવા યોગ્ય દૈન્ય ફળ છે તેને પુષ્ટિ માર્ગ કહે છે. ''विषयत्वेन तत्त्यागः स्वस्मिन् विषयतास्मृतेः । यत्र वै सर्वभावेन पुष्टिमार्गः स कथ्यते ॥''[2]

આ પુષ્ટિ માર્ગના પણ મિશ્ર અને શુદ્ધ એમ બે પ્રકાર છે. પ્રવાહ મિશ્રિત,

---

[1] ભાગ. ૧૦.૨૯.૨૧. હે અબલાઓ, આ પ્રમાણે મારી કામનાથી જ લોક, વેદ અને સ્વજનનો ત્યાગ કરનાર તમે છો, અને તેથી તમારી ચિત્તની વૃત્તિ મારામાં પરોવાઈ રહે તેટલા માટે તમારું ભજન કરતાં હું તિરોહિત થઈ ગયો હતો. માટે હે પ્રિયાઓ, તમારે પ્રિયની ઈર્ષ્યા કરવી જોઈએ નહિ.

[2] પુ. લ. ૧૯

મર્યાદા મિશ્રિત અને પુષ્ટિ મિશ્રિત એમ મિશ્રના પણ ત્રણ ભેદ છે. શુદ્ધ, મિશ્ર વગેરે ભેદમાં ભગવાન વિષેનો વિચાર જ બળવાન છે. ''લોકવત્તુ લીલા કૈવલ્યમ્''[1] એ તત્ત્વસૂત્ર પણ આજ મત દર્શાવે છે. શુદ્ધ અને મિશ્ર પુષ્ટ ભક્તનો સાધનદશામાં પણ સાક્ષાત્ ધર્મી સાથે જ સંબંધ હોય છે. પ્રાવાહિક વિષય અથવા માર્યાદિક કર્મ, ઉપાસના, જ્ઞાન, વિહિત ભક્તિ, કંઈ એ સર્વને સોહાતું નથી, આ શુદ્ધ મિશ્રભેદ ભગવાનના રસને સિદ્ધ કરવા માટે જ છે. એટલે એ બંને જાતના પુષ્ટભક્તોને રસનિષ્પત્તિનું પ્રયોજન એક સરખું છે. પ્રવાહમિશ્રિત પુષ્ટભક્ત ક્રિયામાં આસક્ત હોય છે. શ્રીમદ્ વ્રજ ભૂમિ વગેરે સ્થળમાં તીર્થયાત્રા વિગેરે અનેક ક્રિયા કરાવી ભગવાનના રસનું પ્રાકટ્ય કરવું એમ એ પ્રવાહમિશ્રિત પુષ્ટ ભક્ત પ્રત્યે ભગવાનની ઈચ્છા હોય છે. મર્યાદામિશ્રિત પુષ્ટભક્ત ગુણજ્ઞ-ગુણને જાણનાર-હોય છે, ભગવાનના ધર્મમાં તેમનો પ્રેમ હોય છે, ગુણગાન કરી તે પોતાનો સમય પસાર કરે છે, એમ આ મર્યાદામિશ્રિત પુષ્ટભક્ત પાસે ભગવાનની ઈચ્છા હોય છે. ''**तव कृथामृतं तप्तजीवनं**''[2] એ શ્લોકમાં ગુણગાન વગેરે ભગવાનના ધર્મ ભગવાનની તુલ્ય છે એમ સ્પષ્ટ રીતે નિરુપણ કરેલું જ છે. આ ભક્તની ઘણું કરીને અત્યાગ દશા હોય છે. કોઈક વખત માનસત્યાગ દશા પણ હોય છે. હૃદયમાં રહેલા પૂર્ણપ્રભુ પોતાના ગુણનું શ્રવણ કરીને એ ભક્તોને સ્વરુપના આનંદમાં ડૂબાડી દે છે. ''**हृद्गतः स्वगुणान् श्रुत्वा पूर्णः प्लावयते जनान्**''[3] કેટલાક આ પ્રકારના ભક્તોનો સાક્ષાત્ પુરુષોત્તમમાં ભગવાનની ઈચ્છાથી જ સાયુજ્ય-લય-પણ થાય છે, ફરીથી ક્રીડા વખતે પ્રકટ કરી પ્રભુ તેમને પરિપૂર્ણ દાન પણ કરે છે.

---

[1] બ્ર. સૂ. ૨.૧.૩૩ ભગવાન જે સૃષ્ટિ કરે છે તે લોકમાં જોવામાં આવે છે એવી ક્રીડા છે અને તેના કીર્તનથી મોક્ષ મળે છે. બીજો અર્થ એવો થાય છે કે ભગવાન્ જગત્ ઉત્પન્ન કરે છે તે લોકના જેવી ક્રીડા જ છે.

[2] ભાગ. ૧૦.૨૮.૯ આપનું કથારુપ અમૃત સંસારથી તપેલાનું જીવન છે, જ્ઞાનીઓએ તેનાં વખાણ કરેલાં છે, પાપનો નાશ કરનાર છે, શ્રવણને મંગલરૂપ છે, શ્રીયુક્ત છે, સર્વતઃ વ્યાપેલું છે. ઉદાર ભગવદ્રૂપ વ્યાસાદિ પૃથ્વી ઉપર તેના ગુણગાન કરે છે.

[3] નિ. લ. ૮

''विष्णोः पदे परमे मध्व उत्सः''[1], ''विष्णो सुमति भजामहे''[2] વગેરે શ્રુતિઓમાં વર્ણવેલા સાક્ષાત્ પરમ સુંદર પુષ્ટ ધર્મિસ્વરૂપને પોતાનો દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અંતઃકરણ, તેમના ધર્મ, પત્ની, ઘર, પુત્ર, સગા, ધન, સર્વ આત્મા સહિત સમર્પણ કરી, પ્રભુના વિનિયોગમાં તે તે વસ્તુ લે છે, વેદ વગેરેના અવિરોધથી આ ભગવદીય નિરંતર ભગવાનની સેવા કરે છે, મકરંદનું પાન કરી કૃતાર્થ થાય છે, પ્રાણેશના ગુણગાન કરી નિરુપધિ કૃપાના આનંદરુપી સુધાનો સ્વાદ લે છે. પુષ્ટિમિશ્રિત પુષ્ટભક્ત સર્વજ્ઞ હોય છે. રસાત્મક સ્વરુપના સર્વ અભિપ્રાય જાણે છે. પુષ્ટિમાર્ગનું તત્ત્વ અતિસૂક્ષ્મ છે, જાણવું કઠિન છે, પુષ્ટિમર્યાદાને પણ ઓળંગી પુષ્ટિમિશ્રિત પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરે છે ત્યારે અનુભવ થઈ શકે છે. એ માર્ગમાં પ્રવેશ જ અત્યંત કઠિન છે, અતિશય અનુગ્રહ વિના થઈ શકતો જ નથી. એ માર્ગનો ઉપદેશ પણ થઈ શકતો નથી. બ્રહ્મવિદની માફક સ્વાસ્થ્ય હોય તો ઉપદેશ થઈ શકે, પણ આ રસિક ભગવાનના ભક્તને તો વિરહદશા અને સંગમદશા એ બેજ દશાઓ હોય છે. વિરહદશા અતિ દુઃસહ-સહન ન થાય તેવી-છે. સર્વભાવનો તે દશામાં નાશ થાય છે, માટે ઉપદેશ સંભવતો નથી. સંગમદશામાં પ્રભુ પાસે જ બિરાજે છે, એટલે ઉપદેશ-સંભવતો નથી. આવા કરોડોમાં વિરલ રસિક ભક્ત ગમે તે રીતે પોતાનો સમય પસાર કરવા માટે જે બે અક્ષર આજ્ઞા કરી દે તો તેમાંથી પણ હાલના ઉત્તમમાં ઉત્તમ અધિકારીને બહુ લાભ થઈ જાય છે. પુષ્ટમિશ્રિત પુષ્ટભક્તને પ્રભુ સંન્યાસવરણરુપ-સંન્યાસ અંગીકાર રૂપ-દાન કરે છે. ત્યાગ આ ભક્તની પુંઠે હંમેશાં લાગેલો જ રહે છે, ભાવભાવનામાં જ નિમગ્ન હોય છે. ''**विक्लत्व**'' અને ''**अस्वास्थ्य**'' એ એમનો સ્વભાવ હોય છે. ''**ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः**''[3] એ શ્લોકમાં એ

---

[1] ઋ. ૧. ૧૫૪.૫ વિષ્ણુના પરમ સ્થાનમાં મધનો ઝરો છે.

[2] ઋ. ૧.૧૫૬.૩ હે વિષ્ણુ, અમે તારી સ્તુતિ કરીએ છીએ.

[3] સં. નિ. ૯ શ્રીગોપીજન જેવા ભક્તોમાં વિપ્રયોગદશામાં વિકલતા અને અસ્વસ્થતા એ સ્વાભાવિક ધર્મો હોય છે. અને આ પ્રમાણે ભક્તિમાર્ગીય ભાવવાળા ભક્તોને મર્યાદામાર્ગીય જ્ઞાન અને મનને સ્વસ્થ કરનારા મર્યાદામાર્ગીય ગુણો રસનો અનુભવ કરવામાં પ્રતિબંધક છે.

ભક્તની દશાનું જ વર્ણન છે. પ્રભુ કદાપિ આ ભક્તને સ્વાસ્થ્યનું દાન કરતા જ નથી.

શુદ્ધ પુષ્ટભક્તમાં પ્રેમ સિવાય બીજું કંઈ પણ હોતું જ નથી. ''शुद्धाः प्रेम्णा अतिदुर्लभाः''[1] આ પુષ્ટ રસિક ભક્ત અતિદુર્લભ છે, અતિવિરલ છે. એ માર્ગમાં પ્રિયતમના સંયોગથી ઉત્પન્ન થયેલાં હાસ્યસૌન્દર્યના પાણી વડે સ્નાન છે; પ્રિયના તાંબૂલભક્ષણથી અભ્યવહાર-ખોરાક-છે; કરુણાવડે પ્રગટેલી સ્મિતદષ્ટિ વડે પાન છે; ચરણારવિંદમાં પ્રણામ કરવા રુપ ત્રણ સવનો છે; પ્રબળ દૈન્ય વડે સમ્યક્ ધ્યાન એજ સંધ્યા છે; તાપ અને ક્લેશયુક્ત પ્રચુર સ્નેહ ભાવ વડે નામકીર્તન એજ જય છે, અસ્ત પામતા સૂર્યરૂપી અગ્નિમાં દિવસરૂપી દુઃખ હોમે છે, પ્રિયની વાર્તાનું કથન બ્રહ્મયજ્ઞ છે, મનોરથઈચ્છાની સિદ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયની તૃપ્તિ એ તર્પણ છે, રસ એજ જીવન છે, રસ એજ એમનું અંગ છે, રસ એજ એમની સંપત્તિ છે. નિરુપધિ સ્નેહ વિના એક ક્ષણ પણ એમને રુચતું નથી. ''वैष्णवत्वं हि सहजं''[2], અંદર તેમજ બહાર રસથી ભરપૂર થઈ જવું એ એમનો સ્વાભાવિક ધર્મ છે. ''त्रुटिर्युगायते त्वामपश्यताम्''[3] રસાત્મક પ્રાણેશના પ્રકટ દર્શન વિના એક પળ પણ યુગ જેવી લાંબી લાગે છે. પ્રભુ પણ કામભોગ સમર્પણ કરવાને ક્રીડા કરે છે, ક્રીડામાં પણ વિજયની ઈચ્છા કરે છે, ભક્ત સાથે વ્યવહાર કરે છે, ભક્તને પોતાનું માહાત્મ્ય વગેરે જણાવે છે, ભક્તની સ્તુતિ કરે છે, ભક્તને આનંદદાન કરે છે, ભક્તને ભક્તિમદ અર્પે છે, સ્વપ્નમાં સુરતનાથનાં દર્શન થાય માટે સ્વપ્નદાન કરે છે, ભક્તની કાંતિ કરે છે, ભક્તની પાસે જઈ વિરાજે છે. ''देवो दानाद्वा दीपनाद्वा द्योतनाद्वा द्युस्थानो भवतीति वा''[4] ''दिवु क्रीडाविजिगीषाव्यवहारद्युतिस्तुतिमोदमदस्वप्नकान्तिग-

---

[1] પુ. પ્ર. મ. ૧૬

[2] પુ. પ્ર.મ.૨૧ પુષ્ટિમાર્ગીય ભક્તોમાં વૈષ્ણવત્વ-ભગવદાજ્ઞા પાળવી-એ સ્વાભાવિક ધર્મ છે.

[3] ભાગ. ૧૦.૨૮.૧૫ દિવસે જ્યારે આપ વનમાં પધારો છો ત્યારે આપનાં દર્શન થતાં નથી અને તેથી અમને ક્ષણ પણ યુગ જેવી લાગે છે.

[4] નિ. ૭.૧૫ ઐશ્વર્ય આપે છે તેથી, અથવા તો તે પોતે પ્રકાશે છે તેથી, અથવા આકાશમાં રહે છે તેથી દેવ કહેવામાં આવે છે.

तिषु''[1] એમ નિરુક્ત અને ધાતુપાઠે પ્રતિપાદન કરેલ ''देव'' શબ્દના અર્થ આ રસિક ભક્તજનો પ્રકટ કરે છે.

જેમ રસાત્મક પુષ્ટ પુરુષોત્તમ લોકમાં પ્રકટ થઈને લીલા કરે છે તેમ અત્યંત અનુગ્રહ વડે પોતાના હૃદયમાં રહેલા ભક્તને પણ પ્રકટ કરીને તેના અતિશય સ્નેહથી વશ થઈ પોતાની લીલાના રસનો અનુભવ કરે છે. એ ભક્ત પુષ્ટપુરુષોત્તમ સાથે બધી જ કામનાનો ભોગ કરે છે. શુદ્ધ, મિશ્ર વગેરે ભેદ પણ વિવિધ રસની નિષ્પત્તિને-સિદ્ધિને-માટે જ છે. સાધનદશામાં પણ શુદ્ધ અને મિશ્ર બંને પુષ્ટભક્તનો સંબંધ સાક્ષાત્ ધર્મિસ્વરૂપ સાથે જ છે એ સિદ્ધાંત ભૂલાવો ન જોઈએ. રસશાસ્ત્રમાં કહેલા દક્ભંગ, મનઃસંગ, સંકલ્પ, જાગરણ, કૃશતા, રતિ, હ્રીત્યાગ, ઉન્માદ, મૂર્છા, અંત સુધી દશ દશામાં પૂર્ણ પ્રેમ, આસક્તિ, વ્યસન સિદ્ધ કરી, નિરોધરુપ વ્યસનાત્મક માનસી સેવા સુધી વિપ્રયોગ-વિયોગ-રસનું દાન કરી, દરેક પુષ્ટભક્તનો પ્રભુ લીલામાં પ્રવેશ કરાવે છે. એવા લીલામધ્યપાતી ભાગ્યવાનને પ્રભુ પ્રથમ નિરુપધિ સ્નેહરુપ સર્વાત્મદાન કરે છે. પરમ સુભગ-ભાગ્યશાળી-અને અત્યંત કૃપાપાત્રને આ જાતનું સર્વાત્મભાવનું દાન પ્રમેયબળથી પ્રભુ જ આપે છે, કારણ કે તે કોઈ સાધનથી સાધ્ય નથી, તેમજ અનુભવ એકલાથી જ જાણી શકાય તેવું છે અને કોઈ પણ રીતે તે પ્રયત્નથી સાધી શકાતું નથી. સૂત્રકાર પણ એવા જ મતના હોઈ ''प्रदानवदेव तदुक्तम्''[2] એમ તત્ત્વસૂત્ર યોજે છે. ઉપર કહેલો ભક્ત હંમેશાં પરમ સુકુમાર, પ્રેમથી ભીંજાએલો, પરમ આર્ત અને તીવ્રવિયોગના મહાન રસસમુદ્રમાં મગ્ન હોવાથી સ્વરુપની પ્રાપ્તિમાં વિલંબ સહન કરી શકતો નથી, સ્વરુપ વિના બીજી કોઈ જાતની

---

[1] ધા. પા. ૪.૧ ક્રીડા, વિજિગીષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોહ, મદ, સ્વપ્ન, કાન્તિ, અને ગતિ એ અર્થોમાં દિવ્ ધાતુ વપરાય છે.

[2] બ્ર. સૂ. ૩.૩.૪૩ ભગવાને ઉદ્ધવજીને જે સર્વાત્મભાવનો ઉપદેશ કરેલો છે તે સાધન-જીવકૃત સાધ્ય-નથી; પણ વરદાનનાં જેવો છે, કારણ કે શ્રુતિમાં એ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

સ્ફૂર્તિ જ તેને રહેતી નથી, તે ચેતન કે અચેતન વચ્ચે કંઈ વિવેક રાખી શકતો નથી અને જાતજાતની શોધ કરે છે, ગુણગાન કરે છે, તો પણ જ્યારે તેને સ્વરુપનો સ્પર્શ થતો નથી ત્યારે પોતાની અશક્તિ જાણીને, પોતાના સાધનની નિષ્ફળતા માનીને, અતિ દીન થઈ જાય છે. સ્વાભાવિક સ્નેહમાંથી જન્મતા વિવિધ ભાવવાળો થઈ જાય છે અને ''हा नाथ ! रमण ! प्रेष्ठ ! क्व असि क्व असि महाभुज !''[1] એમ રસાત્મક પ્રભુના દર્શન માટે તાપક્લેશ કરે છે, વિકળ બની જાય છે, અસ્વસ્થ થઈ રહે છે. બ્રહ્માનંદથી પણ અધિક એવા પૂર્ણાનંદરુપ સ્વરુપના વિયોગથી લગભગ મરવા જેવો થઈ જાય છે. નીલાંબુદશ્યામ-નીલવાદળ સમાન શ્યામ-પ્રભુ હૃદયમાંથી જતા રહે તો સારું એમ પણ અતિ વિરહના ક્લેશથી ભાવના થઈ આવે છે. છતાં અપસરણજતા રહેવાનું-બની શકતું નથી. નીલાંબુદશ્યામ આકાશરુપ થઈને પ્રભુ પણ રસનું જ પોષણ કરે છે. ''रसो वै सः रसं हि एव अयं लब्ध्वा आनन्दी मवति । को हि एव अन्यात् कः प्राण्याद्यदेष आकाश आनन्दो न स्यात् एष हि आनन्दयति''[2] વગેરે રસભર શ્રુતિનું આ જ તાત્પર્ય છે. એવા પરમપૂર્ણ વિરહી ભક્તનાં દેહ વગેરે સાક્ષાત્ લીલાને ઉપયોગી થઈ જાય છે. ભગવાનની ચરણરજ વડે એ ભક્તને નવીન શ્રીઅંગ પ્રાપ્ત થાય છે. એના અન્નરુપ આપ થાય છે, એના પ્રાણરુપ આપ થાય છે, એની વાણીરુપ આપ થાય છે, એના નેત્રરુપ આપ થાય છે, એના કાનરુપ આપ થાય છે, એનાં મનરુપ આપ થાય છે, એની ચામડીરુપ આપ થાય છે, વિશેષ શું, એના આત્મારુપ પણ આપ થઈને રહે છે ! એના અન્નમાં અન્નમય પ્રવેશ કરે છે, પ્રાણમાં પણ તેમ જ. જ્ઞાનેન્દ્રિયમાં વિજ્ઞાનમય પ્રવેશ કરે છે. વિપ્રયોગ-વિયોગ-એટલો બધો

---

[1] ભાગ ૧૦.૨૭.૩૯ હે નાથ, હે રમણ, હે પ્રિયતમ, હે મહાભુજ, તમે ક્યાં છો ? તમે ક્યાં છો ?

[2] તૈ. ઉ. ૨.૭ તે પરમાત્મા રસરુપ છે. આ જીવાત્મા તે રસરુપ પરમાત્માને પ્રાપ્ત કરીને આનંદી થાય છે. જો આ આકાશ આનંદરુપ ન હોત તો કોણ શ્વાસ લઈ શકે ? કોણ પ્રાણ ધરી શકે ? આ જ પરમાત્મા આનંદ આપે છે.

પ્રચુર-ગાઢ-થઈ ગયો છે કે જ્ઞાન વગેરે બધું અદૃશ્ય થઈ જાય છે, સંગમરસનો પણ ત્યાર પછીથી અનુભવ જ થતો નથી. એમ ન થાય માટે રસાત્મક પ્રભુ પોતે જ તે ભક્તના અનુભવાત્મા થઈને જ્ઞાનેન્દ્રિયમાં વિજ્ઞાનમય સ્વરુપથી પ્રવેશ કરે છે. મનમાં મનોમયથી પ્રવેશ કરે છે. એ સુખસ્વરુપ પૂર્ણ વિપ્રયોગ રસનું દિગ્દર્શન કરતાં ''यो वै भूमा तत्सुखं न अल्पे सुखमस्ति भूमा एव सुखं भूमा तु एव विजिज्ञासितव्यः''[1] એમ આજ્ઞા કરે છે કે જે ભૂમા તે નિશ્ચય સુખ, જ્યાં બીજું દર્શન નથી, બીજું શ્રવણ નથી, બીજું વિજ્ઞાન નથી. વિરહભાવમાં અત્યંત વિગાઢભાવથી તે રસિક સ્વરુપની જ સ્ફૂર્તિ પણ થાય છે.

''अथ अहंकारादेशः'' હવે અહંકારનો આદેશ-ઉપદેશ-થાય છે. આ પ્રકારે પૂર્ણવિપ્રયોગરુપ રસાત્મકદાન કરીને, તેમાં રહેલા સર્વ વ્યભિચારિ ભાવનો પણ સંપૂર્ણ અનુભવ કરાવીને દુઃખ સહન ન થઈ શકતાં, ''क्लिश्यमानान् जनान् दृष्टवा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वे सदानन्दं हृदिस्थ निर्गतं बहिः''[2] એ શ્લોકમાં કહેલા પ્રકારે ''મારાં પ્રકટ દર્શન આ આર્દ્રાર્દ્ર સુકુમાર ભગવદીયને થાઓ'' એમ પ્રભુની ઈચ્છાથી સાક્ષાત્ કોટિમન્મથસ્વરુપ-કરોડો કામદેવના સ્વરુપ સમાન-પ્રભુ પોતે પ્રકટ થાય છે. પ્રભુનું સ્વરુપ પ્રકટ થયા પછી આંખ વડે અને મન વડે શ્રીમુખની સુધાનું પાન કરતાં કરતાં જ મોહ વડે એવો કોઈ પ્રચુરભાવ ઉત્પન્ન થઈ જાય છે કે સર્વ ઈન્દ્રિય વડે તે સ્વરુપ સાથે સંભાષણ, આશ્લેષ વગેરેના રસભોગ કરવાની ઈચ્છા થાય છે. દર્શન થયા પછી કોઈક વેળા વેણુના શબ્દથી પણ પ્રભુ સાથે સંભાષણ વગેરે રસના ઉપભોગ કરવાની ઈચ્છા પ્રકટ થાય છે, ત્યારે ભગવાનના આનંદને પ્રાપ્ત કરેલા મનના સંબંધથી તે મનોરથ પરિપૂર્ણ થઈ જશે એમ વિચાર કરી વાણી મન સાથે સમાગમ કરે છે. અને

---

[1] છા. ઉ. ૭.૨૩ જે આ ભૂમા છે તે સુખ છે. અલ્પમાં સુખ હોતું નથી. ભૂમા-સર્વથી શ્રેષ્ઠ પરમાત્મા-જ સુખ છે, અને ભૂમા જ જાણવા યોગ્ય છે.

[2] નિ. લ. ૭ જ્યારે પ્રભુ પોતાની પ્રાપ્તિને માટે નિજ જનને ક્લેશ પામતા જુએ છે ત્યારે તે બહુ અનુગ્રહ કરે છે, અને હૃદયમાં રહેલા સર્વાંશ સંપૂર્ણ પ્રભુ બહાર પ્રકટ થાય છે.

વાણીનો આ પ્રકારે સમાગમ થતાં વાણી ભગવાનના રસને પ્રાપ્ત કરે છે. સંભાષણ વગેરેની ઈચ્છા પૂર્ણ થઈ જાય છે. એ જ પ્રમાણે બધી ઈન્દ્રિયો મનની સાથે જોડાઈ જઈ ભગવદ્રસ મેળવે છે. ''सर्वेन्द्रियविशिष्ट મન પ્રાણનો સમાગમ કરે છે.'' ''स यथा शकुनिः सूत्रेण प्रबद्धः दिशं दिशं पतित्वा अन्यत्र आयतनमलब्ध्वा बन्धनमेव उपश्रयते एवमेव खलु सौम्य तत् मनः दिशं दिशं पतित्वा अन्यत्र आयतनमलब्ध्वा प्राणमेव उपश्रयते''[1] જેમ દોરીથી બંધાયેલું પક્ષી દરેક દિશામાં ઊડતાં ઊડતાં કોઈ પણ સ્થળે રહેઠાણ ન મળતાં બંધનનો આશ્રય કરે છે, તેમ જ મન દરેક દિશામાં ઊડીને આશ્રયસ્થાન પ્રાપ્ત ન થતાં, પ્રાણનો આધાર લે છે. સર્વેન્દ્રિયમનોવિશિષ્ટ પ્રાણ સાક્ષાત્ પ્રકટ અધ્યક્ષ રસાત્મક પ્રભુની પાસે જાય છે. ''सः अध्यक्षे तदुपगमादिभ्यः'' એ તત્વસત્રનું આ જ તાત્પર્ય છે.

આ પ્રમાણે આનંદ મેળવી રસિક ભક્ત ''ता वां वास्तून्युष्मसि गमध्यै यत्र गावो भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य विष्णोः परमं पदमवभाति भूरि ।।''[2]

---

[1] છા. ઉ. ૬. ૮.૨

[2] ઋ. ૨. ૨. ૨૪ ભગવાન્ અને તેમના અન્તરંગ ભક્તોની તે વસ્તુઓ-હૃદયમાં અને બહાર રસાત્મક ભગવાનનું પ્રાકટ્ય તેમનાં દર્શન ન થવાથી થતો વિરહભાવ, તેનાથી ઉત્પન્ન થતો તાપ, તેથી ઉત્પન્ન થતી મરણની સ્થિતિ, તેનું નિવર્તન કરનાર તાપની તીવ્રતા, તેથી ભગવાનનું પ્રાકટ્ય, પછીથી પૂર્ણ સ્વરુપાનંદનું દાન વગેરે-પ્રાપ્ત કરવાને માટે અમે ઈચ્છા રાખીએ છીએ. શ્રીગોકુલમાં બહુશૃંગવાળા કલ્યાણકારક રુરુ વગેરે હરણો વસે છે. શ્રીગોપીજનો જેમનું સતત ગાન કર્યા કરે છે એવા ભગવાન્ પોતાના ભક્તોના મનોરથો પૂર્ણ કરે છે તે પ્રભુનું પરમ-પ્રકૃતિ કાલ વગેરેથી અતીત અને વૈકુણ્ઠથી પણ શ્રેષ્ઠ-સ્થાન અહીં પૃથ્વીમાં શ્રીયમુનાજીનો તટ, નિકુંજ, ગોવર્ધન વગેરે રુપે પ્રકાશે છે, તથાપિ તેનાં દર્શન થતાં નથી તે ખરેખર ખેદની વાત છે. આ બધી વસ્તુઓ મેળવવાની અમારી ઈચ્છા છે. જ્યાં લીલાના સંબંધથી વસ્તુઓની ફળ તરીકે અનેક પ્રકારે પ્રાર્થના કરવામાં આવે છે ત્યાં તો પછી એ લીલાના કરનાર પ્રભુ પરમ ફળરુપ છે એમાં આશ્ચર્ય શું-એમ આ મંત્રનું તાત્પર્ય છે.

એ શ્રુતિમાં અને ''तानि परे तथा हि आह'' એ તત્ત્વસૂત્રમાં વર્ણવેલા આધિદૈવિક શ્રીયમુનાજીનો તટ, ઉપવન, નિકુંજ, ગહ્વર, પ્રદેશ, પર્વતમાં અલૌકિક રસશાસ્ત્રે નિરુપેલાં ગીત, સંગીત વગેરે સાથે, સામાન્ય, વિશેષ, અંતર, બાહ્ય એમ વિવિધ પ્રકારે દ્વાદશાંગ રમણ કરે છે, અષ્ટવિધ આનંદપાન કરે છે. ''आत्मरतिः आत्मक्रीडः आत्ममिथुनः'' વગેરે રસભર અને શ્રુતિએ પ્રકટ કરેલા પ્રકાર વડે પોતાનો આત્મા રસાત્મક પુરુષોત્તમ સાથે રતિ કરે છે. ક્રીડા કરે છે, મિથુન કરે છે. ''भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्व संशयाः''[1] હૃદયની ગાંઠો છૂટી જાય છે, બધા સંશયોનો નાશ થઈ જાય છે. ''सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता'' વિવિધરસના ભોગમાં ચતુર એવા રસિક પુરુષોત્તમ સાથે આ રાસમંડળના આભૂષણરુપ ભગવાનનો ભક્ત સર્વ કામનો ઉપભોગ કરે છે. આ અલૌકિક શૃંગારરસમાં ભક્તનો તીવ્ર કામભોગ મુખ્ય છે, પ્રભુએ કરેલો ભોગ ગૌણ છે, તેથી ''सः'' પ્રથમા વિભક્તિમાં છે, અને ''ब्रह्मणा'' ત્રીજી વિભક્તિમાં છે. ''वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा'', ''अहं भक्तपराधीनः हि अस्वतन्त्र इव द्विज'' વગેરે વાક્યોમાં વર્ણવેલી ભગવાનની પરાધીનતાનું પણ રહસ્ય હવે બરોબર સમજાશે. ''सदा पश्यन्ति सूरयः दिवीव चक्षुरातम्''[2], ''विष्णोर्यत् परमं पदम्''[3], ''ध्रुवासः अस्य कीरयः''[4],

---

[1] મુ. ઉ. ૨.૨.૮

[2] ઋ. ૧.૨૨.૨૦ જેમ આકાશમાં બધે પ્રસરેલું જુએ છે તેમ વિદ્વાનો વિષ્ણુનું તે પરમપદ હંમેશાં જુએ છે.

[3] ઋ. ૧.૨૨.૨૧ વિષ્ણુનું જે પરમપદ છે તે સ્તુતિ કરનારા અને જાગૃત રહેનારા મેધાવી પુરુષો બરોબર દીપાવી રહ્યા છે.

[4] ઋ. ૭.૧૦૦.૪ વિષ્ણુના સ્તુતિ કરનાર માણસો નિશ્ચલ-ઐહિક અને પારલૌકિક લાભ મેળવી સ્થિર-થાય છે.

''जज्ञानः एव व्यबाधत स्पृधः''[1], ઈત્યાદિ શ્રુતિઓ, ''अजावनन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । परं भावमजानन्तः'', ''जन्म कर्म च मे दिव्यं एवं यो वेत्ति तत्त्वतः'' વગેરે પ્રભુનાં વાક્યો, ''अविभागः वचनात्''[2] ''ततद्भूतस्य तु न अतद्भावः''[3], ''अनावृत्तिः शब्दात् अनावृत्तिः शब्दात्'' વગેરે તત્ત્વસૂત્રોનું તાત્પર્ય અંદર અને બહાર રસથી ભરપૂર એવા સ્વરુપની પવિત્ર નિત્ય લીલામાં જ છે. ''लोकवत् तु लीलाकैवल्यम्'' એ તત્ત્વસૂત્રનું રહસ્ય પણ હવે સ્પષ્ટ સમજાશે. पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।'' એ શ્રુતિનું રહસ્ય હવે સ્પષ્ટ થઈ જશે. પહેલાં વર્ણવેલાં બ્રહ્મસર્વધર્મત્વ, વિરુદ્ધસર્વધર્માશ્રય, બ્રહ્મસર્વકર્તૃત્વ વગેરેનું રહસ્ય પણ હવે પ્રમેયદષ્ટિથી સમજી લો. એક જ અવિકૃત નિર્ગુણ નિત્ય ધર્મી સ્વરુપ, સ્થાયીરસ, શુદ્ધ શૃંગારરસ, અનેકાનેક ભાવ, વિભાવ, અનુભાવસ્વરુપે પરિણમે છે; એક જ શૃંગારરસનો આશ્રય કરી તદાત્મક વિવિધ ભાવ, વિભાવ, અનુભાવ સર્વ રહેલા છે. સંયોગ અને વિયોગ બંને પરસ્પર વિરુદ્ધ છે તો પણ બંને

---

[1] ઋ. ૧૦.૧૧૩.૪ જન્મ થયો કે તરત જ તેમણે-ઈન્દ્રે-શત્રુઓનો નાશ કર્યો, તે વીરે પુરુષાર્થ અને યુદ્ધનું ચિન્તન કરવા માંડ્યું, તેમણે પર્વજ્ઞને તોડી નાખ્યો, અનેક સાથે વહેતી નદીઓને તેમણે આગળ દોડાવી, અને પોતાના કળાકૌશલ્યથી મહાન આકાશનું સ્થાપન કર્યું.

[2] બ્ર. સૂ. ૪.૨.૧૬ જે ભક્તોનો લીલામાં પ્રવેશ થયો છે તેમનો લીલાના સ્થાનથી વિયોગ થતો નથી, કારણ કે તૈત્તિરીય શ્રુતિમાં કહેવામાં આવ્યું છે કે ભગવાનના સ્વરુપને જાણનારા ભક્તો ભગવાનનાં સદા સર્વદા દર્શન કર્યા કરે છે. તાત્પર્ય એ કે લીલા નિત્ય છે, લીલામધ્યપાતી ભક્તો અને લીલા સંબંધી પદાર્થો નિત્ય છે.

[3] બ્ર. સૂ. ૩.૪.૩૯ કેવળ કર્મનું નિરુપણ કરનાર જૈમિનિ આચાર્યમાં પણ જો પુષ્ટિમાર્ગીય ભગવદ્દ્ભાવ પ્રકટ થાય તો તેમનામાં તે ભાવનું તિરોધાન કોઈ દિવસ થતું નથી, કારણ કે ભક્તો ભગવાનનાં હંમેશાં જ દર્શન કર્યા કરે છે એવો શ્રુતિમાં નિયમ આપેલો છે જે ભગવદ્દ્ભાવ પ્રકટ થાય છે તે સાધનરુપ નથી પરંતુ મુક્તિનું પણ ફળ છે, અને ભગવદ્દ્ભાવથી શ્રેષ્ઠ એવો બીજો કોઈ પદાર્થ જગતમાં નથી.

શૃંગારાત્મક જ છે. શૃંગારરસ જ ઉભયે વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એ મધુર સિદ્ધાન્ત પણ વિચારો. ''क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः[1] એ સિદ્ધાન્ત પણ હવે હૃદયમાં ધારણ કરી લો. तमेव एकं जानीथ आत्मानमन्या वाचो विमुञ्चथ अमृतस्य एष सेतुः ।।''[2], तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः । न अनुव्यायात् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् ।।''[3] વગેરે શ્રુતિનું તાત્પર્ય ગ્રહણ કરી લો. ''रसो वै सः रसं हि एव अयं लब्ध्वा आनन्दी भवति,'' ''आनन्दमयः अभ्यासात्'' એ વાક્યોમાં પ્રતિપાદિત કરેલા શ્રીમદ્ભાગવતરસિકાનન્દનું વારંવાર સદા સર્વદા પાન કરો.

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मन ।

---

[1] શિ. વ. ૪. ૧૭ જે ક્ષણે ક્ષણે નવીન થાય છે તે જ રમણીયતા કહેવાય છે.

[2] મુ. ઉ. ૨.૫.૫ તેને જ તું એક આત્મા તરીકે જાણ. બીજી વાતોનો તું ત્યાગ કર. તે આત્મા મોક્ષને રસ્તે લઈ જનારો સેતુ-પૂલ-છે.

[3] બૃ. ઉ. ૪.૪.૨૧ બુદ્ધિમાન બ્રહ્મણ તે જ પરમાત્માનું બરોબર જ્ઞાન મેળવીને પ્રજ્ઞા સંપાદન કરે છે. તેણે ઘણા શબ્દોનું અનુચિન્તન ન કરવું કારણ કે તેમ કરવાથી વાણીને ઘણો શ્રમ પડે છે.